પ્રસ્તાવના,

સુજ્ઞ વાંચક વર્ગને સુવિદિત જ હોવું જોઇએ કે આવા નાનાં પુસ્તકોની પ્રસ્તાવના ન હોય તોપણ ચાલી શકે; માટે વધુ વિવેચન નહી કરતાં આ પુસ્તક કોના ઉપદેશથી તથા કોની સહાયવડે પ્રકટ થયું છે તે બતાવવાની આવશ્યક્તા સ્વીકારીએ છીએ.

ઘણા આનંદની વાત છે કે આધુનિક સમયમાં ઘણાં શહેરો તથા ગામોમાં વિચરી, ઉત્તમ ચારિત્ર-ધારી પરમ ઉપગારી સાધુ તથા સાધવીજી મહા-રાજે કેટલેક અંશે ધર્મની વિશેષ જાગ્રતા કરી છે.

સુશીલ શ્રાવીકાઓ તથા બાળીકાઓમાં, જ્યોતિ સ્વરૂપીણી શ્રી વિતરાગ પરમાત્માની અવિચ્છીન્ન પ્રભાવવાળી સેવા પૂજા અને આંગીના અવસરે, અલૌકિક ગુણ ગાન કરતાં તથા પૂજા ભણાવતાં અત્યંત આનંદ ઉત્પન્ન કરે એવા દોહરા વગેરેને જુદા જુદા રાગોમાં ગવાતા ગાયનો તથા દેશીઓના નમુનાનો સંગ્રહ કરવાની સુશ્રાવીકાની વિનતીનો સ્વીકાર કરી; પરમોપગારી ગુરૂણીજી મહારાજ શ્રી

દેવશ્રીજી શિષ્યા સાધવીજી મહારાજ સૈભાગ્યશ્રીજી મહારાજે આ શ્રી જૈન ગાયન રસીક રાગ સંગ્રહની યોજના કરીછે. ને તેમનાજ સદ્દુપદેશથી શ્રી ખંભાત શ્રાવીકા સમાજ તરફથી મળેલ આર્થીક સહાયવડે છપાવી પ્રસિદ્ધ કરી છે.

સાધવીજી મહારાજ સૈભાગ્યશ્રીજીના પ્રયાસ તથા સદ્દુપદેશથી પ્રથમ શ્રી જીન શતક, જૈન પ્રાચીન સ્તવનાદિ સંગ્રહ અને દંડકાદિ દ્વાર સંગ્રહ એ નામના ત્રણ્ય પુસ્તકો પ્રસિદ્ધ થયા છે, તેમજ આ શ્રી જૈન ગાયન રસીક રાગ સંગ્રહ નામનું ચોથું પુસ્તક પણ તેમનાજ પ્રયાસ ને સદ્દુપદેશનુંજ ફળ છે.

આ પુસ્તકમાં કાંઈ મતિ મંદતાથી અથવા દ્રષ્ટિ દોષથી શાસ્ત્ર વિરૂદ્ધ યા અશુદ્ધ લખાણું હોય તે આત્મ સાખે મિચ્છામી દુક્કડં છે, અને સુજ્ઞની ક્ષમા ચાહી સુધારી વાંચવા તથા અમોને લખવાની ભલામણ કરીએ છીએ.

મુ૦ અમદાવાદ.

પ્રસિદ્ધ કર્ત્તા
માસ્તર જગજીવન પાનાચંદ.
શ્રા ડાહીબાઈ જૈન પાઠશાળાના ધર્મ શિક્ષક.

શ્રી જીનાય નમઃ

શ્રી જૈન ગાયન રસીક રાગ સંગ્રહ.

—→⁂(०)⁂←—

ભાગ ૧ લો.

શ્રી પાર્શ્વનાથજી લાવણી.

સુંદર આંગીની રચના રચી અહીંરે શોભે પાર્શ્વનાથ દરબાર ॥ હેતે નમણ કરો સહુ સંગે મળી આપણે રે ॥ માથે મુગુટ સોનાનો હીરે જડયોરે ॥ માહી લટકે છે પાના કેરી લાલ॥ હેતે૦ ॥ સાખી ॥ શ્રી ફલ મેલ્યુ કરવિશે ॥ શોભાનો નહીં પાર ॥ બાજુબંધ ને બેરખા કંકણ ઢાલ ઉતાર ॥ દેશી ॥ જાસુદ ફૂલના ગુંથેલા ગજરા શોભતારે ॥ ચંપો મોગરો ડમરો ચારે પાસ ॥ હેતે૦ ॥ ૩ ॥ સાખી ॥ માણેક પાના

મોતીથી મુગટ જડાયો વિશાલ ॥ કાને કુંડલ ચળકતા ચંદન ચરચ્યું ભાલ ॥ દેશી ॥ કેવી કેશર કસ્તુરીની બ્હેક છે રે—કેવા ભમરા કરે છે ગુંજાર ॥ હેતે૦ ॥ ૪ ॥ સાખી ॥ ગુલાબ જલના છાંટણા—અતરનો ઉપચાર મોતીમાલા ઉરવિષે, વળી ફુલણુ કેરો હાર ॥ દેશી ॥ તેની શોભા મુખ જાએ નહી વરણુવીરે ॥ ગુણ ગાય તે તો પામે ભવ પાર ॥ હેતે નમણ કરો સહુ સંગે મળી આપણે રે ॥ ૫ ॥

ગાયન.

ભક્તિ જીનવરની કરીએ રૂચક ભાવથી રે ॥ છંડી ચીત્ત ચપલતાં મંદિર શુદ્ધવિધાન ॥ ચૈતન પ્યારા મારા પુજો શ્રી જીનરાજને રે ॥ સાખી ॥ નિર્મલ જલ કલશે ભરી નવરાવો ધરી નેહ ॥ ચર્ચો કેશર ચંદને, પુજો ધરી બહુ સ્નેહ ॥ દેશી ॥ ચંપક ચંબેલીને મોગર જાસુદ માલતી રે ॥ પાવન પુષ્પ ચઢાવો પ્રભુને કરી બહુમાન ચૈતન૦ ॥ ॥ ૧ ॥ ॥ સાખી ॥

સેલારસ કૃષ્ણાગરૂ, ગંધવલી ઘનસાર ॥ વામ દિશિ જીન ધુપીએ તો તરીએ સંસાર ॥ ॥દેશી॥ જીનની જમણી દીસે દીપક ઝગમગ થાપીએરે ॥ તેથી લહીએ કેવળ દરીસણ કેવળ જ્ઞાન ॥ ચેતન૦ ॥ ૨ ॥ ॥ સાખી ॥ અક્ષત ફળ નૈવેદ્ય ધરી, પુજા અષ્ટપ્રકાર ॥ નાચો નવનવ રંગથી, ગાઓ ગીત રસાળ ॥ દેશી ॥ ઇણ વિધી ભક્તિ યુક્તી જીન માણેકને સેવતારે ॥ વહીએ શાશ્વત શીવપુર મંદીર સુવિધાન ॥ ચેતન૦ ॥ ૩ ॥

ગાયન.

સોળશે તે ગોપીઓ ટોળે મલીને ॥ નેમજી મનાવા જાય ॥ પ્રભૂજી દરિસણ દેજો, દરિસણ દેજો ને સનમુખ રહેજો ॥ તારજો દીન દયાળ ॥ પ્રભુજી દરીસણ દેજો ॥ દરીસણ દેજો નજરે જોજો ॥ મેહેર કરી મહારાજ ॥ પ્રભુજી દરીસણ દેજો ॥ રૂક્ષ્મણી પાય પડીને કહે છે દેવર લાવો એક નાર ॥ પ્રભૂજી ॥ દેરાણી જેઠાણીના જોડલારે. પગે પડાવવા મુજ આસ. પ્રભૂજી.

ગાયન.

દર્શન કરવાને અમે આવીયાને ॥ કાંઇ આંગીનો રૂડો બન્યો ઠાઠરે ॥ આવ્યા છે દર્શન કરવારે, અશ્વસેન રાજાના નંદજીરે ॥ કાંઇ પાસ કુમાર રૂડા નામરે ॥ આવ્યા૦ ॥ વામારાણી કુખે અવતર્યાને ॥ કાંઇ શોભે રતન સમાનરે ॥ ॥ આવ્યા૦ ॥ ઉત્તમ કુલમાં અવતર્યાને ॥વાલે નવખંડ રાખ્યા નામરે ॥ આવ્યા૦ ॥ માથે મુગુટ મોતી જડયોને ॥ કાંઇ કાને કુંડલ સારરે ॥ આવ્યા ॥ બાંહે બાજુબંધ બેરખાને કાંઇ કંઠે નવશેરો હારરે ॥ આવ્યા૦ ॥ હાથની તે કલ્લી હીરે જડીને કાઇ સફલ બાંજોરૂ હાથરે ॥ આવ્યા૦ ॥કેડે કંદોરો હેમનોરે ॥ કાંઇ ઘુંઘરીએ ધમકારરે ॥ આવ્યા૦ ॥ દાંત સોહે દાડમ કળીરે કાંઇ ॥ અધર પ્રવાળનો રંગરે ॥ આવ્યા૦ ॥ પાએતે મોજડી મોતી જડીરે ॥ કાંઇ રેશમીઓ સુરવાલરે ॥ આવ્યા૦ ॥ લીલી ઘોડીને પીળો

ચાબખોરે કાંઇ પાતળીએ અસવારરે ॥આવ્યા ॥ મેં અણસારે ઓળખ્યારે ॥ કાંઇ પ્રભાવતીનો ભરથારરે ॥ ॥ આવ્યા૦ ॥ શરદ પુનમની શોભા ઘણીને ॥ કાંઈ ચાંદલી ખીલી ભલી ભાતરે ॥ આવ્યા૦ સોના સમુ દેરાસર ભલુને ॥ કાંઇ રૂપાસમી છે જૈન શાળરે ॥ આવ્યા૦ ॥ રજા માગું પ્રભુ આગલેરે કાંઇ અમોને થઇ ઘણી વારરે ॥ આવ્યા છે દર્શન કરવારે ॥

શ્રી નેમનાથનું સ્તવન.

વાળો વાળો તુંમે રથડો વાળોરે ॥ તુમે જગતના છો પ્રતિપાળોરે ॥વાળો૦ ॥ ૧ ॥ પ્રભુ તુમે જાન સજીને આવ્યારે ॥ સાથે કૃષ્ણ મુરારી-ને લાવ્યારે ॥ વાળો૦ ॥ ૨ ॥ પ્રભુ તુમે તોરણથી કેમ વળીઆરે ॥ નવભવના નેહે મળીઆરે ॥ વાળો૦ ॥ ૩ ॥ પ્રભુ તુમે સંજમ લીનો વનમાંરે ॥ તુમે વસ્યા રાજુલના મનમાંરે ॥વાળો૦॥૪॥

એમ ગોપાલ સાગર કરજોડીરે ॥ રહે શિવમં-
દિરમે તેડીરે ॥ વાળો૦ ॥ ૫ ॥

સ્તવન.

સોરઠ દેશ દેખાવો રશીઆ સારો સોરઠરે॥ સોરઠ દેશમે નિકા દોય તીરથ ॥ ગઢ ગિરનાર શત્રુંજય ગિરીયા સારો સોરઠ ॥૧॥ રેવતગિરપર જદુપતિ કેરા ॥ દિક્ષા કેવળજ્ઞાન નીશાયા ॥ સારો સોરઠ૦ ॥ રાજૂલનારી નેમીસર હાથે સં-જમ લેઇ ભવોદધિ તરીઆ ॥ સારો સોરઠ૦॥૨॥ શત્રુંજા ઉપર રૃષભ જીનેશ્વર ॥ પૂર્વ નવાણુ વાર સમોસર્યા ॥સારો૦॥ ઇહાંઅણગાર અનંતઅપાર ॥ અણસણ ગ્રહી શિવસુખ વરિયા ॥ સારો સોરઠ૦ ॥ ૩ ॥ નાભિમલારને કરીએ જુહાર ॥ પાવન કરી મેં સવી પરીયા ॥ સારો૦ ॥ હીન અવતાર ન હોય લગાર ॥ જ્ઞાન વિમલ પ્રભુ શિવધરીયા ॥ સારો૦ ॥ ૪ ॥

સ્તવન.

—(૮)—

આઇ વસંત બયાલરે ॥ પ્રભુ બેઠે મગનમેં ॥ બેઠે મગનમે બેઠે છે મનમે ॥ લાગુ તુમારે પાયરે ॥ પ્રભુ બેઠે મગનમે ॥ ૧ ॥ સુંદર મનોહર આંગી રચાવું ॥ ડોલરફી અતિ સારરે ॥ પ્રભુ૦ ॥ ૨ ॥ ફુલ ચંબેલી ફીનીફી કટોરી ॥ ઝલકતી તેજ અપારરે ॥ પ્રભુ૦ ॥ ૩ ॥ ભાવ સુગંધી ગુલાબીકુંઝરીઆ ॥ વરસાવે સુખકારરે ॥ પ્રભુ૦ ॥ ૪ ॥ ભાવથી ઉત્તમ સ્તવન બનાવું ॥ કર્મ ખપાવન હારરે ॥ ॥ પ્રભુ૦ ॥ ૫ ॥ જૈન મંડલી પ્રભુના ગુણ ગાવે ॥ લેશે તે ભવનો પારરે પ્રભુ ॥ ૬ ॥ પન્યાસ ગંભીરવીજેજી ગણી ચોમાસુ રહીયા-ભાવનગર બંદર મોઝારરે ॥ પ્રભુ આ-વ્યા તે ગમણની વારરે ॥ પ્રભુ૦ ॥ સંઘ સયલ સુખકારરે ॥ પ્રભુ ॥ ૭ ॥

સ્તવન.

—>※(०)※<—

(દેશી–પિયાલા પ્રેમરસ હૈ ભરપુર.)

પુજા પ્રભુકી આનંદકાર ॥ કરોને ભવિ લટક લટક ॥ પાતા હૈ શિવપુરરાજ ॥વહી નર ઝટક ઝટક ॥પુજા॥ ૧ ॥ હાહા હુ હુ આદિ સુરગણ મિલ ગંધર્વ કટક ॥ સોળ સણગાર સજી કરી આવી ॥ જીનપુર મટક મટક ॥ પુજા૦ ॥ ૨ ॥ દેવ કુમર કુમરી મળી નાચે ॥રાચે મન નહી ખટ-ક ॥એસો ઉત્તમ અવસર પાયો ॥ બહુભવ ભટક ભટક ॥પ્રભુ૦॥ ૩ ॥રાવણને મંદોદરી રાણી ॥ વિધિસે કરકે નટક ॥ ઉત્તમ તીર્થંકર પદપાયો મિટગઇ અટક અટક ॥ પુજા૦ ॥ ૪ ॥અષ્ટાપદ ગિરી વિણા બજાતા ॥ તુટી તારા ત્રટક ॥ પણ તુટયો નહી ભાવ જરા તસ ॥ નિર્મળ ફટક ફટક ॥ પુજા૦ ॥ પ્રભાવતી નારી કરત નાટક ॥ ભવ નાટક દિયો છટક ॥ આત્મ વલ્લભ નિજપદ પાયો ॥ મનુભવ પટક પટક ॥ પુજા૦ ॥ ૫ ॥

શ્રી પાર્શ્વનાથજીનું સ્તવન.

પ્યારો લાગે મને સારો લાગે ॥ દરિસણમાં ગંભીરોજી પ્યારો લાગે ॥ સોના કેરી ઝારી ચાને માહે ભર્યા છે પાણી, ન્હવણ કરાવું મારા જીનજીકે અંગ ॥ દર્શન૦ ॥૧॥ કેશર ચંદન ભર્યારે કચોલા, પુજા કરાવું મેરા જીનજીકે અંગ ॥ દરિસણ૦ ॥ ॥ ધૂપઘાન ઘટા અનુહડહે, લળી લળી શીસ નમાવત હે ॥ દર્શન૦ ॥૨॥ ફુલ ગુલાબકી આંગી બની હૈ ॥ હાર પેહેરાવું મેરે જીનજીકે અંગ ॥ ॥ દરિસણ૦ ॥ ૩ ॥ આનંદઘન પ્રભુ ચલત પંથમે ॥ જ્યોતિમે જ્યોત મિલાવત હે ॥ દર્શન૪૧॥

દશ ત્રીકનું ગીત.

સોળ સણગાર સજી કરીરે લોલ ॥ આવી દેરાસર બાર સાહેલડી ॥ દર્શન કરવાને હું તો,

નિસરીરે લોલ ॥દશ ત્રીક તિહાં સાચવી રે લોલ
ટાળી આસાતના ચોરાશી અલબેલડી ॥
દર્શન૦ ॥ ૧ ॥ પેલી નિસિહી દેરા બારણેરે લોલ
॥ છંડી નિજઘરનો વ્યાપાર ॥સાહેલડી૦॥ દરિ-
સણ કરવાને હું તો નિસરીરે લોલ, બીજી નિ-
સિહી મધ્ય ભાગમારે લોલ ॥ છાંડી જીનઘરનો
વ્યાપાર ॥ અલબેલડી૦ ॥ દરિસણ કરવાને હું
નિસરીરે લોલ ॥ ૨ ॥ ત્રિજી નિસિહિ ચૈત્ય
વંદનેરે લોલ ॥ છાંડી જીન પુજાનો વ્યાપાર ॥
સાહેલડી૦ ॥પેહેલું ત્રીક એમ સાચવીરે લોલ॥
કરૂં દર્શન મન શુદ્ધ ॥અલબેલડી૦ ॥૩॥ રત્ન-
ત્રય આરાધવારે લોલ ॥દેઉ પ્રદક્ષિણા સાર ॥સા-
હેલડી૦ ॥ બીજુ ત્રીક એમ સાચવારે લોલ ॥
ટાળી ભવ ભ્રમણનું દુઃખ ॥અલબેલડી૦ ॥૪॥
બે હાથ મસ્તકે લગાડીએરે લોલ ॥ અરધુ અંગ
નમાવોરે સાહેલડી ॥ ત્રીજુ પંચાંગ પ્રણામથીરે
લોલ, કરો જીનજીને પ્રણામ ॥ સાહેલડી૦ ॥૫॥
ત્રણ પ્રકારે પુજા કરોરે લોલ ॥ અંગ અગ્ર ભાવ

ઉદ્ધાર ॥ સાહેલડી૦ ॥ જલ ચંદન ફુલ ચઢાવી-
એરે લોલ ॥ નૈવેદ્ય સ્તુતિ મનોહાર ॥ અલ-
બેલડી૦ ॥ ૬ ॥ ચોથું ત્રીક એમ સાચવીરે
લોલ ॥ સાચવું પાંચમું ત્રીક ॥ સાહેલડી૦ ॥
ત્રણ અવસ્થા ભાવનારે લોલ છદ્મસ્થ કેવળ
સિદ્ધ ॥ અલબેલડી૦ ॥ ૭ ॥ ત્રણ દિશી જોવા
તણુંરે લોલ ઉર્ધ્વ આધોત્રિછુ નિવાર ॥ સાહે-
લડી૦ ॥ પછીમ ત્રણ દિશિ જોવુ તજોરે લોલ ॥
જીન સન્મુખ સ્થાપી દૃષ્ટી ॥અલબેલડી ॥ ૮ ॥
છઠું ત્રીક એમ સાચવારે લોલ ॥ સાચવું સાતમું
ત્રીક ॥ સાહેલડી ॥ પગ ભુમી ત્રણ વાર પુજી-
એરે લોલ ॥ ટાલી મારા ભવના પાપ ॥ અલબે-
લડી ॥ ૯ ॥ આઠમું ત્રીક હવે કહુંરે લોલ ॥
અક્ષર અર્થ પ્રમાણ ॥ સાહેલડી ॥ પ્રતિમાને
અવલંબતારે લોલ, પામું ભવનો પાર ॥ અલ-
બેલડી ॥ ૧૦ ॥ જોગ જીન મુદ્રા સુક્તિ કહુંરે લોલ
॥ મુદ્રાના ત્રણ ભેદ ॥ સાહેલડી ॥ ખમાસમણા
પાંચ અંગથીરે લોલ ॥ ભણી નમુથુણું પાઠ ॥

અલબેલડાં ॥ ૧૧ ॥ એમ જોગ મુદ્રા સાચવીરે લોલ ॥ હવે જીન મુદ્રાની વાત ॥ સાહેલડી ॥ વંદણવતિઆ આદે ભણોરે લોલ ॥ કરૂ કાઉસગ મનથીર ॥ અલબેલડી ॥ ૧૨ ॥ જીનમુદ્રા એમ સાચવીરે લોલ, ચૈત્ય મુનીને વાંદિએરે ॥ સાહેલડી ॥ પ્રાર્થના કરો તેહ આગળેરે લોલ ॥ માગો સમકીત ફલ ॥ અલબેલડી ॥ ૧૩ ॥ મૂદ્રા મુક્તિ મુક્તા કરીરે લોલ ॥ સાચવી ત્રીકરણ જોગ ॥ સાહેલડી ॥ જે દસ ત્રીક એમ સાચવેરે લોલ ॥ તેના પાપ જાસે પાતાળ ॥ અલબેલડી ॥ દર્શન કરવાને અમે નીસર્યારેલોલ ॥૧૪॥

ઠુમરી રાગ જંગલો.

માહું લગાડો તો મારાસમ છે સલુણી—એ રાગ.

જાવો જાવો નેમ પીઆ મુખ શુ બતાવોરે ॥ જાવો૦ ॥ ૧ ॥ ચઢી વરઘોડે આવી જાનને

સજાવીરે ॥ પાછા ફરતા તે વાલા લાજ કેમ નાવીરે ॥ જાવો૦ ॥ ૨ ॥ સંજમના રાગી શાને અમને ફસાવ્યારે ॥ લોકને હસાવી શાને અમને લજાવ્યારે ॥ જાવો૦ ॥ ૩ ॥ દિલના દાહક ગુણ દીઠા છે તમારારે ॥ નહીં બોલું હવે પ્યારા સમ છે અમારારે ॥ જાવો૦ ॥ ૪ ॥ દેખત સમજ રાજુલ ગઇ ગીરનારેરે ॥ જ્ઞાન તો અત્યંત પાસી નીજ કાજ સારે ॥ જાવો૦ ॥ ૫ ॥

ગાયન.

કુમ કુમને પગલે પધારો રાજા કુમ કુમને પગલે ॥ સંસાર છાંડી સંજમ આદરવા ॥ દાન દીધા ઢગલે ॥ પધારો રાજા૦ ॥૧॥ શિબિકા દેવી સહસ પુરૂષસે, પ્રભુ બેસી ફરો સઘળે ॥ પધારો૦ ॥ ૨ ॥ વનમા જઇ પ્રભુ દિક્ષા લીની ॥ ઉપજ્યું જ્ઞાન ચોથું ડગલે ॥ પધારો૦ ॥ ૩ ॥ કર્મ ખપાવીને કેવળ લીધું, મોક્ષે પોહોતા તે તો એક

ભજલે ॥ પધારો૦ ॥ ૪ ॥ હર્ષ કલ્યાણ કહે ચે-
તનને ॥ તું તો એવા પ્રભુ ભજલે ॥ પધારો ૫॥

ગાયન.

કિને દેખા હમેરા સ્વામી ॥ સ્વામીજી અં-
તરજામીરે ॥ કિને૦ ॥ આઠ ભવકી પ્રીતિ પ્ર-
કાસી નવમે થયા શિવગામીરે ॥ કિને૦ ॥ ૧ ॥
સહસાવનકી કુંજ ગલીમે ॥ મલ્યા મુને અંતર
જામીરે ॥ કીને૦ ॥ આપ ચલે ગીરનારીકી ઉ-
પરે, નારી તારી કેવલ પામીરે ॥૩॥ કહે હર્ષ મુની
પ્રભુ નેમ નગીના ॥ રહું છું આજ શિરનામીરે॥
કિને દેખા હમેરા સ્વામી ॥ ૪ ॥

ગોડીપાર્શ્વનાથનું સ્તવન.

પુજીએ પુજીએ પુજીએરે ॥ ગોડી પાર્શ્વ પુજીને

લાહવો લીજીએ ॥ સમતા રસના ભર્યારે કચોળા ॥ પ્રેમરસ પ્યાલા પીજીએરે ॥ જીનરાજ પુજીને લાહવો લીજીએ ॥ ૧ ॥ ક્રોધ માન માયાને તજીએ ॥ દાન સુપાત્રે દીજીએરે ॥ ગોડી० ॥૨॥ વીરાના પ્રભુ મેહેર કરીને॥ મોરવાડ દર્શન દીજી-એરે ॥ ગોડી० ॥ ૩ ॥ વરખડીએ પ્રભુ ભવિ-જન મલશે ॥ હરખી નીરખીને ઘણું રીઝીએરે ॥ ગોડી० ॥ ૪ ॥ આનંદ ઘન જીન વિનતિ અવધારો ॥ મોક્ષ માર્ગડા દીજીએરે ॥ ગોડી પાર્શ્વ પુજીને લાહવો લીજીએ ॥ ૫ ॥

ગાયન.

પ્રભુ ભજલે મેરા દિલ રાજી ॥ રાજી રાજી રાજીરે પ્રભુ ભજલે મેરા દિલ રાજી ॥ ૧ ॥ આઠ પોહોરકી ચોસઠ ઘડીઆં ॥ દો ઘડીયા જીન શાજીને ॥ પ્રભુ० ॥ ૨ ॥ દાન પુન્ય કછુ ધર્મ કરલે ॥ મોહ માયાકુ ત્યાગીરે ॥ પ્રભુ० ॥ ૩ ॥

આનંદ ઘન કહે સમજ સમજલે આખર ખો-વેગા બાજીરે ॥ પ્રભુ૦ ॥ ૪ ॥

શ્રી કચ્છ મુદ્રા જીનાલય સ્તવન

—⁂(०)⁂—

(શ્રી ચંદ્ર પ્રભુજીસે ધ્યાનરે મોરી લાગી લગનવા.)

મુદ્રામાં બહુ માનરે ચાલો દર્શન કરવા ॥ દર્શનથી દુરિત દુરે હોવે ॥ વંદનથી વાંછીતરે॥ ચાલો દર્શન ॥૧॥ પુજાથી પૂરક લક્ષમીના, રાખી પૂરણ પ્રીતિરે ॥ ચાલો૦ ॥ ૨ ॥ ચૌગતિ ચુરે ચાર દેવલ તિહા ॥ સ્થિર કરી ચંચલ ચિત્તરે ॥ ચાલો૦ ॥ ૩ ॥ બે દેવલમાં પાર્શ્વ પ્રભુ છે ત્રીજે સિંહ અંકીતરે ॥ ચાલો૦ ॥ ૪ ॥ ચોથે શીતલ નાથ જુહારો ॥ ગાઓ સુંદર ગાતરે ॥ ચાલો૦ ॥ ૫ ॥ હર્ષમુનિ કહે અહનિશ દર્શ-નસે ॥ પ્રસન્નતા રહે નિત્યરે ॥ ચાલો૦ ॥ ૬ ॥

ગાયન.

(એ માથે મટુકી કહી.]

એ નેમ ગયે ગિરનાર ॥ મુકી મને કુંવારી હૈયાનો હાર ॥ આઠ ભવનો પ્રીત ત્યાગી ॥ વાલો બન્યો વિતરાગી ॥ માન્યુ ન મારૂ લગાર॥૧॥ છોડી મુજને નેમ પ્યારે ॥ પણ ન છોડું હું લગાર ॥ જાઉ હું સંગે આ વાર ॥ જો એ જોગી તો હું જોગણ થાવું આ છોડી સંસાર॥૨॥

ગાયન.

રાગ—કાફી.

(ચંદ્ર પ્રભુસે ધ્યાનરે—એ ચાલ.)

આ જીનકે પાય લાગરે ॥ તુને કહીએ કેતો ॥ આઠેઇ જામ ફીરે મદમાતો મોહ નિંદરીયાસું જાગરે ॥તુને૦॥૧॥ પ્રભુજી પ્રીતમ વિના નહી કોઇ પ્રીતમ ॥ પ્રભુજીની પુજા ઘણી માગરે ॥ તુને૦

॥ ૨ ॥ ભવકા ફેરા વારી કરોજીન ચંદા ॥ આનંદ ઘન પાય લાગરે ॥ તુને૦ ॥ ૩ ॥

ગાયન.

તુમે નિરાગી અમે રાગાય.રે ॥ તુમ દર્શન દેખી જાગીઆરે ॥ તારો તારો ને જીનરાજરે ॥ પ્રભુજી મારા વસો દિલમાંરે ॥ પ્રભુ તુમ દર્શનવિના હું ભમ્યોરે ॥ રઝલ્યો ચોગતિ સંસાર ॥ પ્રભૂજી મારા વસો દિલમાંરે ॥ મને આપો પદ અણ-હારરે ॥ પ્રભુજી મારા વસો ચિતમાંરે ॥ મને આ ભવપાર ઉતારોરે ॥ પ્રભુજી મારા વસો દિલ મારે ॥ મોહે શિવવધુ હાથ મેલાવોરે ॥ પ્રભૂજી મારા વસો ચિતમારે ॥ મને મોક્ષ માર્ગ દેખાડરે ॥ પ્રભુજી મારા વસો દિલમારે ॥

નેમ રાજુલનું સ્તવન.

મત જાઓરે પિયા તુમે પાહાડમાં ॥ પાહા-

ડમાં પાહડમાં પાહાડમાંરે ॥ મત જાવોરે પિયા તુમે પાહાડમાં ॥ તુમે તો કહો હમ નારી ત્યાગી ॥ કેમ જાઓ ગિરનારીમાંરે ॥મત૦॥ ૧ છ કાયકે રક્ષક હો તુમે ॥ તો કેમ જાઓ ઝાડીમાંરે ॥ મત૦ ॥ ૨ ॥ કઠીણ ગિરિવરકી વાંકી ટુંક ॥ વસવું જઇ ઉજાડોમાંરે ॥ મત જાઓરે૦ ॥૩ ॥ રાજીમતીકી વિનતિ માની ॥ રેહેવું સંઘની હારમાંરે ॥ મત જાઓરે ॥૪॥ રૂપચંદ કહે નાથ નિરંજન ॥ નેમ મગ્ન ભયો સંજમ ભારમાંરે ॥ મત જાઓ૦ ॥ ૫ ॥

ગાયન.

ચંદ્ર પ્રભૂજીસેં ધ્યાનરે મોરી લાગી લગનવા ॥ લાગી લગનવા છોડી ન છુટે ॥ જબલગ ઘટમે પ્રાણુરે ॥ મોરી ॥૧॥ દાન શિયલ તપ ભાવના ભાવે ॥ જૈનધર્મ પ્રતિ પાલરે ॥મોરી૦॥૨॥ હાથ જોડકર અર્જ કરત હું, વંદત હરખ મુનિ સારરે ॥ મોરો લગી લગનના.

શ્રી મહાવીરસ્વામીનું સ્તવન.

બલિહારીરે જાઉં બલિહારી ॥ મહાવીર તારા સમ-

વસરણકી બલિહારી ।। ત્રણ ગઢ ઉપર તખત બીરાજે ।। બેઠી છે પરખદા બાર ।।મહા૦।।૧।। વાણી જોજન સહુ કોઈ સાંભળે ।। નાચ્યા છે નરને નાર ।। મહા. ।।૨।। આનંદઘન પ્રભુ એણી પેરે બોલે ।। આવા તે ગમન નિવાર ।। મહા. ।। ૩ ।।

ગાયન

આવો ઘડી તુમે બેસો ઘડીરે ।। રાજુલ મુર્છા ખાઇને પડયારે ।। લેવો સંજમ ભાર નગીના ।।આવો.।। ઉંચા દેરા આદીનાથનારે ।। ઉગમણા દરબાર ।। નગીના।। માથે મુગટ હીરે જડયારે કાને કુંડલ સાર ।।નગીના.।। હાથની કલ્લી હીરે જડીરે ।। સકલ બીજોરૂ સાર ।।નગી.।।

વીર પ્રભુનો ચુડો.

તારા મુખડા ઉપર જાઉં વારીરે ।। વીર મારા મન માન્યા ।। તારા દર્શનની બલીહારીરે. ।।વીર.।। મુઠી બાકુલા માટે આવ્યારે. ।।વીર૦।। પાયે કીધી ઝાંઝરની જેણુરે ।।વીર૦।। માથે કીધી મુગટની વેણુરે ।।વીર૦।। પ્રભુ શાસનનો એક રૂડોરે ।।વીર૦।। મેં તો પેહેર્યો તારા નામનો ચુડોરે ।। વીર૦ ।। એ ચુડો સદાકાલ છાજેરે ।।વીર૦।। મારે માથે વીર ધણી ગાજેરે ।।વીર૦

મને આપી જ્ઞાનની હેલ્લીરે ॥વીર૦॥ પેહેલા થયા ચંદનબાલા ચેલીરે ॥વીર૦॥ એને ઓઘો મોહુપતિ આલેરે ॥વીર૦॥ મને આપી જ્ઞાનની એલીરે ॥વીર૦॥ બીજા થયા મૃગાવતી ચેલીરે ॥વીર૦॥ તિહાં મહાવીર વિચરતા અ વ્યારે॥વીર૦॥તિહાં દેશના અમૃત ધારારે॥ વીર૦ ભવિ જીવને ઉપગાર કીધારે ॥વીર૦॥ ચાંદો સૂર્ય મુલ વિમાને આવ્યારે ॥વીર૦॥ ચંદન બાલા ઉપાસરે આવ્યારે ॥વીર૦॥ ચાંદો સૂર્ય આથમીને ગયારે ॥વીર૦॥ મૃગાવતી ઉપાસરે આવ્યારે ॥વીર૦॥ ગુરૂણીજી બાર ઉઘાડોરે ॥વીર૦॥ એને આવતા સર્પ દીઠોરે ॥વીર૦॥ ગુરૂણીજીનો હાથ ઉંચો કીધોરે ॥વીર૦ ગુરૂણીજી ઝબકીને જાગ્યારે ॥વીર૦॥ તને એશું કેવળ દીસેરે ॥વીર૦॥ ગુરૂણીજી તુમારે પસાએરે. ॥વીર૦॥ ચંદનબાલા ચેલીને ખમાવીરે ॥વીર૦॥ તિહાં ખામતાને કેવળ પામ્યારે ॥વીર૦॥ ગુરૂણીજી ચેલી મોક્ષ ગયારે ॥વીર૦॥ તેમ પદ્મવિજય ગુણ ગાયારે. ॥વીર૦

શ્રી શત્રુંજયનું સ્તવન.

એણે ડુંગરીઆની ઝીણી ઝીણી કોરણી ॥ ઉપર શીખર બીરાજે મોરા રાજીંદા ॥ સિદ્ધાચલના વાસી પ્યારા લાગે મોરા રાજીંદા ॥ એને ગિરિ સાધુ

અનંતા સિદ્ધા ॥ કેહેતા પાર ન આવે મોરા રા- જીંદા ॥ ઉચા દેરા આદીનાથનારે ॥ ઉગમણે દરબાર ॥ મોરા રાજીંદા ॥ કાનેજી કુંડલ હેમનારે ॥ મસ્તકે મુગટ બીરાજે ॥મોરા રાજીંદા ॥ બાહે બાજુબંધ બેર- ખારે ॥ કંઠે નવશેરો હાર ॥મોરા રાજીંદા.॥ હાથની કણી હીરે જડીરે ॥ સકલ બીજોરૂ સાર ॥મોરા રા૦॥ કેડે કંદોરા હેમનારે ॥ ઘુઘરીએ ઘમકાર ॥ મોરા રાજીંદા ॥ દાંત સોહે દાડમ કળીરે ॥ હોઠે પ્રવાળીનો રંગ ॥મોરા રાજીંદા ॥ ચુવાજી ચંદન અરગજારો॥કેશર તિલક બીરાજે ॥મોરા રાજીંદા॥ ચોમુખ બિબ અનુપમ છાજે ॥ મુખ દીઠે દુઃખ ભાંજે ॥મોરા રાજીંદા॥ જ્ઞાન વિમલ પ્રભુ એણીપેરે ભાવે ॥ ભવોભવ પાર ઉતારો ॥ ॥મોરા રાજીંદા.॥

હોરીનું સ્તવન.

ચાલો સખી શત્રુંજા ગિરિ જઇએ ॥ રંગભર ખેલીએ હોરી ॥ સેથો સિધુરને નયન સંમારીં॥ પેહેરણુ ચરણા ચોલી ॥ચાલો ॥૧॥ એક એકનો પાલવ ગ્રહીને॥ અટકળે બાંધે બાલી ॥ એક એકશું કરેરે મટકડા ॥ હસી હસી લીજીએ તાલી ॥ચાલો ॥૨॥ ચતુરાનારી ચંગ બજાવે એક બજાવે કંસાલી ॥ એક શુદ્ધ વસંત

અલાપે ॥ જીનગુણ ગાતી રસાળી. ચાલો૦ ૩ ॥ એક અબીર ગુલાલ ઉડારે ॥ લાવે ભરી ભરી ઝોલી ॥ ચુઆ ચુઆ ચંદન ઓર અરગજા ॥ છાંટે કેસર ઘોલી ॥ ચાલો૦ ૪ ॥ વસંત ઋતુ શત્રુંજા ગિરિ પસર્યો ॥ પુલ્યો ફાગણુ માસ ॥ રૂપ વિબુધને. મોહન પભણે; જન્મ જન્મ તારો દાસ ॥ ચાલો૦ ૫ ॥

શ્રી પાર્શ્વનાથનું સ્તવન.

તારી મુરતિનું નહીં મુલરે લાગે મને પ્યારીરે ॥ તારી આંખડીએ મન મોહ્યું રે જાઉ બલીહારીરે ॥ ત્રણ ભુવનનું તન્ત્ર લઇને ॥ વાલા મારા તારક તું નિપાયારે ॥ જગ સઘળો નીરખીને જોતી ॥ વાલા મારા તારી જોડે કોઈ નાવેરે ॥૧ તા૦॥ ત્રિભુવન તિલક સમવડ તારી ॥ વાલા મારા સુરત સુંદર સોહેરે ॥ કોડી કંદર્પ સમ રૂપ નીહાળી ॥ વાલા મારા સુરનરના મન મોહેરે ॥૨ તા ॥ જયોતીસરૂપી તારી જેણે નીરખી ॥ તેણે ન ગમે બીજું કાંઇરે ॥ જ્યાં જાવે ત્યાં પુરણ સઘળે ॥ વાલા મારા દેખે તુંજને તુહીરે ॥ ૩ તા૦ ॥ તુજ મુખ જોવાની રઢ લાગી ॥ વાલા મારા તેને ન ગમે ઘરનો ધંધોરે ॥ આળ જંજાળ સઉ અળગો મેલી ॥ વાલા મારા તુજશું માંડે પ્રીતીબંધો ॥ ૪તા૦॥ ભવસાયરમાં

ભુલા ભમતાં ॥ વાલા મારા પ્રભુ પાર ન પામ્યો આરોરે ॥ ઉદય રતન કહે બાંહેગ્રહી ॥ વાલા મારા પ્રભુ ભવજલ પાર ઉતારોરે. ૫ ॥

સ્તવન.

આજ તો હમારે ભાગ વીરૂ પ્રભુ આયે હૈં ॥ ચંદના ખડીછે દ્વાર ॥ ચિતસે કરે વિચાર ॥ દેખતે દેદાર હિયે હરખ ભરાયે હૈં ॥ આજ તો૦ ૧ ॥ આજ મેરી આશ ફલી ॥ આજ મેરે મન રલી ॥ વિકસી આતમ કલી ॥ વીર પાત્ર પાયે હૈં. આજ ॥ તો૦ ૨॥ ધન દીન આજ મેરા ॥ ગયો સબ કર્મજોરા ॥ સુકૃત બહુતેરા, ભગવાન મન ભાયે હૈં. આજ ॥ તો૦ ૩ ॥ સિદ્ધારથ નંદચંદ ॥ સોહતે શરદચંદ ॥ કહે જિનચન્દ, ચીત આનન્દ વધાયે હૈં. આજ ॥ તો૦ ૪ ॥

સ્તવન.

એ જીવ દુઃખીઓ થાય ॥ સજ્જનો એ જીવ દુઃખીઓ થાય ॥ જીનવર જેવી જીન પડિમાને ॥ આસાતના કરી જાય ॥ સજ્જનો એ જીવ ॥ મહામુનિ મહારાજ ધિરાજા ॥ તેહની કરેરે નીંદાય. સજ્જનો એ જીવ. ॥ દેવ ગુરૂ સંત સેવા મુકીને ॥ કુગુરૂ પંથે

ધ્યાય ।। સજજનો એ જીવ ।। માત પિતા સૂત ભ્રાત તજીને ।। ધર્મ તણા સમ ખાય ।। સજજનો એ જીવ. કુડ કપટ ઘણી ઇચ્છા રાખે ।। પરનારીથી લલચાય. સજજનો એ જીવ ।। આપ કમાણીનુ અળગુ કરીને ।। દેવનું દ્રવ્યજ ખાય ।। સજજનો એ જીવ ।। નીતિવિજય શિષ્ય સિદ્ધી કહે છે ।। જે કોઈ કરશે અન્યાય ।। સજજનો એ જીવ.

સ્તવન.

જયો જીન શ્રી નમીસ્વામી ।। જયો જીન શ્રી નમીસ્વામી ।। લહ્યુ નામ કર્મને વામી ।। જયો જીન શ્રી નમીસ્વામી ।।

સાખી—તુજ દરિસણ દુર્લભ સહી દરીસણુ રીતે દેવ ।। એકવાર જો તે મીલે, મીલે મુક્તિ તતખેવ. દેશી ।।

કિસી રીતે રહુ પામી (૨) સુણો દેવ અંતરના જામી ।। જયો ।।૧।। સાખી—પૂજન વિધિથી પૂજતાં, અમૃત કીરીયા પ્રમાણુ ।। ધન્ય ધન્ય તેતો નરા ।। કરે ઉગમતે ભાણુ ।। દેશી ।। થસે તે મુક્તિના ગામી (૨) સુખ સુર લોકના પામી ।। જયો. ૨ ।। સાખી—બને નહિ તેહવી ભક્તિ ।। અમથી હે પ્રમેશ ।। તો પણ

ઈચ્છા ધારીએ ।। મનમાં તે હમેશ ।।દેશી।। કહે રવી દર્શનના કામી (૨) શું મંગળમાળ આ જામી ।। જયો. ૩ ।।,

મહાવીર સ્વામીનું સ્તવન.

ચાલો જઇએ રહીએ ક્ષત્રીકુંડમાંરે ।।તિહાં જનમીઆ શ્રી મહાવીર ભવિજન આવો આપણુ ઓચ્છવ ગાઇએ વીરનોરે ।। સાખી—અશાડસૂદિ છઠુને દિને ।। ચવીઆ પ્રાણુંત વિમાન ।। ચૈત્ર સૂદિ તેરશ દિને ।। જન્મ્યા યુગપ્રધાન ।। દેશી ।। માતા ત્રીશલા કુંખે ઉપન્યારે ।। પિતા સિદ્ધારથ નૃપ સોહાય ।। ભવિ. ૧ સાખી-ઇંદ્ર સિંહાશન કંપથી ।। અવધિ જુવે સુરરાય ।। જન્મ પ્રભુનો જાણીને ।। આનંદ અંગ ન માય ।।દેશી।। તવ હરણુગવેષી દેવતારે ।। તીહાં ઘટ વગડાવે સાર ।। ભવિ. ૨ સાખી-શક્રશક્રી રાગે મળી ।। સૂતિકા ઘરમોઝાર ।। શ્રીમહાવીર પ્રભુજીને ।। મેરૂ શીખર લઈ જાય ।।દેશી।। તીહાં ઇંદ્ર વૃષભરૂપે કરીરે ।। પ્રભુને ન્હવણ કરાવે સાર ।।ભવિ.।૩।। સાખી-છપ્પન દિગ્ કુંવરી મળી ।। ગાવે ગીત રસાળ ।। પ્રભુજી આગે નાચતી ।। વિવિધવિવિધ પ્રકાર ।।દેશી।। પાએ રણુઝણુ ઝાંઝર ઝમકાવતીરે હસંતિ રમતી દેતી લેતી

તાળી હાથ ॥ભવિ.॥૪॥ સાખી—મેરૂશિખરની ઊપરે ઉત્સવ કરી બહુ પેર ॥ વર્ધમાન જીન સ્વામીને ॥ સોંપ્યા ત્રીશલા ઘેર ॥દેશી.॥ પુરોહીત બહુવિધ સ્તુતિ કરી વીરનેરે ॥ ગુણગાતા જાયે નિજ ધામ. ॥ભવિ.॥૫॥

ગાયન.

જીનરાજ જોવાની તક જાય છેરે ॥ ખરા દુખડાં ખોવાની તક જાય છે ॥ ભગવંત ભજ્યાની તક જાય છેરે બહુ લોભે તે લાભ લુંટાય છે ॥ જીન. ૧ ॥ દુનીયા રંગ પતંગી દીસે છે ॥ પલકપલક પલટાય છેરે ॥જીન.॥ ખોટે ભરૂંસે ખોટી થાવું ॥ ગાંઠનો ગરથ લુંટાય છેરે. ॥જીન.૨॥ સજ્જન સગાં સહુ સ્વારથ સુધી ॥ ગરજે ઘેલાં થાય છેરે ॥જીન॥ પુણ્ય વિના એક પરભવ જાતાં ॥ સંસારી સીદાયછેરે ॥ જીન. ॥૩॥ રામા રામાને ધનધન કરતાં ॥ ધવ ધવ જીહાં તીહાં ધાય છેરે ॥ કનક અને બીજી કામની માટે ॥ લુબ્ધા કેઈ કુટાય છેરે ॥ જીન. ॥૪॥ પંચવિષયના પ્રવાહમાંહે ॥ તૃષ્ણા પૂરે તણાયછેરે ॥ જીન. નાવ શરીખા નાથને મૂકી ॥ પાપને ભારે ભરાયછેરે ॥ જીન.૫ ॥ મોહરાજાના રાજમાં રસતા ॥ પરમાધામી પાસે જાયછેરે ॥ જીન ॥ જીનમારગ વીણુ જમનો જોરો ॥ કહોને કોણે

જીતાય છેરે ॥ જીન. ૬ ॥પાખંડ માંહે પડયા જે પ્રાણી ॥ કાચા મનનાં કહેવાય છેરે ॥ જીન. ભીડ ભંજન પ્રભુ પાર્શ્વ જીનેશ્વર ॥ પૂજતાં પાપ પલાય છેરે. ॥જીન. ૭॥ ઉદયરતનના અંતરજામી ॥ બુડતાં બાહે ગ્રહે છેરે ॥ જીન. ૮ ॥

હોઠીયું.

જગ માયા અબ જુઠી મોહે સમજ પડી ॥ સમજ પડી મોહે ખબર પડી ॥ જગ. ૧ ॥ કાલ્યકાલ્ય તું કયા કર મૂરખ ॥ નહિ ભરૂંશો પલ એક ઘડી ॥ જગ. ૨ ગાફીલ છીનભર કાંઈ રહો તુમે ॥ શીરપર ઘુમે તેરે કાળ અરી. ॥જગ.॥ ॥ ચિદાનંદ કહે બાત હમારી પ્યારી ॥ જાણો તુમે ચીતમાંહે ખરી ॥ જગ. ૪ ॥

ગાયન.

રસીક રાસ આજ રમશું આનંદ અહીંરે ॥ હેતે હળીમળી સકળ સમાજ ॥ મહાવીર મંદિરે મજેથી તાળી આપતારે ॥ ભલા ભવ તરવા મન ઉમંગછેરે. માટે સજી સૌ સુંદરી શણગાર ॥મહાવીર. ૧॥ સાખી–ભક્તી માળા ભાવથી ॥ ધારે નરને નાર ॥ સુખશાંતી પામે સદા ॥ વરતે જયજયકાર ॥ દેશી ॥ અતિ ઉમંગે પ્રભુના ગુણ ગાવતીરે ॥ સદા સુખી સુખી સુખીયા

થાય. મહાવીર ॥ ૨ ॥ સાખી ॥ પુન્ય પ્રતાપે પામશું ॥ મુક્તિમાળા પાર ॥ જંજાળીઆ જગ માંહીઆ ॥ નથી કાંઈ એ સાર ॥ દેશી ॥ તેથી ચેતીને ચતુર ચિત પ્રાણીયારે ॥ જેએ સંગ રંગ અંગ મળનાર ॥મહા૦ ૩॥

ગાયન.

સંજમ લેઉંગીને સાથ ચલુંગી ॥ રહુંગી પ્રીતમ પાસ ॥ પિયા મેં તો સંજમ લઊંગી ॥ (આંકણી) સમુદ્રવિજય શીવા દેવીકો નંદન ॥જદુપતિ નેમકુમાર॥ પિયા. ૧ ॥ માત પિતા મેરા જન્મ દીયોહે ॥ કર્મ લિખ્યો કિરતાર ॥ પિયા ॥ તન ધન જોબન સ્થિર નહીં અપના ॥ સૂપના જેવો સંસાર ॥ પિયા.૨॥ અષ્ટ ભવાંતર નેહ કિયો હે ॥ નવમે ભવ તજી નાર ॥ પિયા તોરણ આઈ ચલે રથ ફેરી ॥ પશુનો સૂણી પોકાર ॥ પિયા ॥૩॥ સહેસાવન જઈ સંજમ લીધું ॥ છોડયા વિષય વિકાર ॥ પિયા. ॥ રાજુલ પ્રભુના પાય નમીને ॥ લીધો સંજમ ભાર ॥ પિયા. ૪ ॥ કર્મ ખપાવીને કેવળ પામ્યા ॥ પહોંચ્યા મુક્તિ મોઝાર. પિયા ॥ રંગ કહે પ્રભુ શરણુ તુમારૂં ॥ દેજો અવિચલ વાસ ॥ પિયા. ૫॥

ગાયન.

સૂણો બેની તમે ભાવથી રે લોલ ॥ અરજ કરૂં

કરજોડ ॥ મારી સૈયર હો મારી સૈયર હો શુદ્ધ ધર્મને ઓળખોરે લોલ ॥ આંકણી ॥ દેવ તત્વ નવી ઓળખ્યોરે લોલ ॥ નવી જાણ્યો ગુરૂ તત્વ ॥ મારી. ॥ ધર્મ તત્વ નવી સદ્દહ્યોરે લોલ ॥ નવી આણ્યું હૈયે જ્ઞાન ॥ મારી ॥૧॥ મિથ્યાત્વી દેવદેવીનેરે લોલ ॥ જાણે કરી વિતરાગ ॥ મારી.॥ ગુણ અવગુણ નવી લેખવેરે લોલ ॥ પડીયા મોહ જંજાળ ॥ મારી. ૨ ॥ દેવ થયા મોહે ગ્રહ્યારે લોલ ॥ રાખે નારીને પાસ ॥ મારી. ॥ કામી ક્રોધી તે કહ્યારે લોલ ॥ રાગીદ્વેષી દેવ ॥ મારી. ૩ ॥ કોઇ ભયથી શસ્ત્ર ગ્રહેરે લોલ ॥ કોઇનો ક્રુર સ્વભાવ ॥ મારી. ॥ આઠ કર્મ સાંકળ જડયારે લોલ ॥ જન્મ મરણ લહેતેહ ॥ મારી. ૪ ॥ એવા દેવને ભજનારે લોલ ॥ ટાળો નજરથી દુર ॥ મારી. ॥ ભમાડશે સંસારમાંરે લોલ ॥ જો કરશો તમે પ્રીત ॥ મારી. ૫ ॥

ગાયન.

રાણીજી તે રજની ॥ સેજે સુતાં સજની ॥ સુપન સંભાળી ખુશી ॥ થાયથાયથાય ॥ હસ્તી રીષભ સિંહ ॥ લક્ષ્મી માળા શશી રવી દેખી સુખ દાય દાય દાય ॥ રાણીજી. ૧ ॥ ધ્વજા કળશ ખીર ॥ પદ્મ તે સાગર ॥ અમર વીમાને ચીત ચાય ચાય ચાય ॥ રત્નની રાશી ॥

નીરધુમ અગ્ની ।। નયણે નિહાળી જાગી જાય જાય જાય ।। રાણીજી. ૨ ।। ફરમાવો ફળ મુજ ।। શુદ્ધ સુપનાનું ।। પ્રણમીને પૂછે રાણી રાય રાય રાય ।। ત્રિભુવન તારક ।। તનજ તુજ થાશે ।। ઘન મુનિ નમે નિત્ય પાય પાય પાય ।। રાણીજી. ૩ ॥

ગાયન.

વિનંતી સાંભળોને મારા નાથ ॥ મેંતો ઝાલ્યો તુમારો હાથ ॥ આંકણી ॥ દોય વખત દરબારે આવું, મધ્યાને કરૂં પ્રભુ સેવ ॥ રાત દિવસ તોરૂં ધ્યાન ધરૂછું ॥ એવી પડી છે મને ટેવ ।। વિનતી. ૧ બાળપણામાં ભેગા રમતાં ॥ કરતાં ક્રિડા સાર ॥ આપ થયા પ્રભુ નાથ નિરંજન ॥ હું રઝળ્યો સંસાર ॥ વિનતી. ૨ ॥ લાખ ચોરાશી જોની ફરતા ॥ દુર્લ્લહો મનુભવ લાધ્યો ॥ અબ હું સાહેબ સનમુખ આવ્યો ॥ કરો ઉદ્ધાર મહારાજ ॥ વિનતી. ૩ ॥

ગાયન.

પ્રભુ તુજ દેખી મુજ મન મોહેરે ॥ ગળે પુલણકો હાર ॥ હાંરે તારી મુરતી સુંદર સોહેરે ॥ ગળે મોતનકી માળ ॥ પ્રતીહાર્ય અઠ શોભતાંરે ॥ મૂળ અતિશય ચાર ॥ એમ દ્વાદશ ગુણધરારે ॥ અરિહંત જય

જયકાર ॥ પ્રભુ. ૧ ॥ રાગ દ્વેષ દોય દુર કરીને ॥ થયા નિરંજન નાથ ॥ અબ હું સહેબ સનમુખ આવ્યો, ઝાલ્યો તુમારો હાથ ॥ પ્રભુ. ૨ ॥

ગાયન.

શીવનારી શીવનારી હો દીલભર દેખાડ હો ॥ શીવનારી ॥ પ્રભુ તું કયાંનો અધિકારી ॥ હો દીલભર દેખાડ હો શીવનારી ॥ અષ્ટકર્મ ચૂરણ કરીરે ॥ અવ-ગાહન લહી એક હો. દીલભર ॥ એક સમય સમ શ્રેણીમાંરે ॥ જયોતીશું જયોતી મીલાય. હો દીલ-ભર ॥ પૂર્વ પ્રયોગે ગતિ પરિણામે ॥ બંધન છેદ અસંગ ॥ હો દીલભર ॥ ચાર દ્દષ્ટાંત છે એહનારે ॥ સિદ્ધ ભજો ભગવંત હો. દીલભર ॥

ગાયન.

ઘેર આવો તો કહું એક વાતલડી ॥ તારે ને મારે સાહેબા પ્રિત ઘણેરી ॥ પડી પટોળે ભાતલડી ॥ ઘેર આવો તો કહું એક વાતલડી ॥ તોરણથી રથ ફેરી-આરે ॥ જાણી તુમારી જાતલડી ॥ ઘેર ॥ મહેર કરીને મારે મંદીરીએ પધારો ॥ રહોને આજની રાતલડી ॥ ઘેર ॥ નેમ રાજુલ દોય સંજમ ધારી ॥ મુકતે રહ્યાં ભલી ભાતલડી. ઘેર ॥

ગાયન.

વાગે છે વાગે છે દેરાશર વાજાં વાગે છે ॥ જેનો શબ્દ ગગનમાં ગાજે છે ॥ દેરાશર વાજાં વાગે છે ॥ પ્રભુ સમવસરણમાં રાજે છે ॥ જસ ચોત્રીશ અતિ-સય છાજે છે ॥ ગુણ પાંત્રીશ વાણીએ ગાજે છે ॥ દેરાશર વાજાં વાગે છે ॥ પ્રભુ જન્મ અતિશય ચ્યાર છે ॥ ઘાતી કર્મ ક્ષયે અગ્યાર છે ॥ વળી દેવે કર્યા ઓગણીશ રે ॥ દેરાસર વાજાં વાગે છે.

ગાયન.

કરો કરૂણા શીતળ સ્વામી ॥ સ્વામી સીવ સુખ ધામીરે ॥ કરો ॥ નંદા નંદન વંદન કરીએ ॥ અમારા અંતરજામીરે ॥ કરો. ॥ નયરી ભદ્દિલપુર નૃપ દઢરથ ॥ સૂત સુખ દ્યો શીવગામીરે ॥ કરો ॥ આપ તર્યા ઓ-રનકું તારો ॥ છો મુજ અંતરજામીરે ॥ કરો ॥ સૂત શશીનો સેવક આજે ॥ નમેછે નીજ શીર નામીરે ॥ કરો ॥

ગાયન.

જાગ્ય જગ્ય પ્રમાદી તું જાગ્યરે ॥ ઉઘત ને કેમ આવે ॥ એ આંકણી ॥ પ્રભુ ચરણની સેવા માગ્યરે ॥

ઉંઘ ાા કર્મ દર્શનાવરણી વધી જાયરે ॥ ઉંઘ. ાા એની પ્રકૃતિ નવ સંભાળરે ॥ ઉંઘ. ાા ચક્ષુ અચક્ષુ અવધિ કેવળરે ॥ ઉંઘ. ાા નિદ્રાને નિદ્રા નિદ્રા જાણુરે ॥ ઉંઘ.ાા પ્રચલાને પ્રચલા દુગરે ॥ ઉંઘ. ાા સ્થિણુંદ્ધી છે મહા ક્રુરરે ॥ ઉંઘ. ાા એ નિદ્રાઓને તું નિવારરે ॥ ઉંઘ. ાા તારી ભાંજે ભવ જંજાળરે ॥ ઉંઘ. ાા વીતી ગયો અનંતો કાળરે॥ ઉંઘ. ાા હવે પૂર્વનું ભાતુ સંભાગરે ॥ ઉંઘ. ાા

ગાયન.

જાજારે દૂરે દૂરમતી ાા મને મળીઆં જગગુરૂ જગતપતિ ાા જાજારે ાા અબ જાગી મુજને શુભમતિ ાા જાજારે દૂરે દૂરમતિ (એ આંકણી) અબ પ્રભુનો મેં પાલવ ગ્રહીઓ ાા કેમ છોડું હું હર્ષભરી ાા જાજારે ાા તેં મને કષ્ટ દીધા બહુ જાતી ાા કહી ન શકું હું તે વીવરી ાા જાજારે ાા મુજ મનમાં હવે પ્રભુજી વશીયા ાા દૂર ગઇ મારી સહુ કુમતી ાા જાજારે ાા સંગ સદા સુમતીનો કરીને ાા પ્રભુને ભજુંહું તજી અરતિ ાા જાજારે ાા

ગાયન.

આજનો લાહો લીજીએરે ાા કાલ કોણે દીઠીછે ાા

અવસરીયું વહી જાય છેરે ।। કાલ કોણે દીઠીછે ।। આવખું ઓછું થાયછેરે ।। કાલ કોણે દીઠીછે ।। ૧ દાન સુપાત્રે દીજીએરે ।। કાલ કોણે દીઠીછે ।। લખમીનો લાહો લીજીએરે ।। કાલ કોણે દીઠીછે ।। ૨ નિત્ય નવી નવી આંગીયું રચાવીએરે ।। કાલ કોણે દીઠીછે ।। મનુષ્ય ભવ સફળ તે કીજીએરે ।। કાલ કોણે દીઠીછે ।। ૩

ગાયન.

વંદના વંદના વંદનારે ।। શીતલનાથને સદા કરૂં વંદના ।। વંદના પાપ નીકંદનારે ।। શીતલનાથને ।। (એ આંકણી ।। સૂરા સુરનાં અગણીત વૃંદા ।। પ્રભુ મુખ દેખી આનંદનારે ।। શીતળ ।। ૧ ।। અષ્ટ મહા સિદ્ધી દાયક નાયક ।। લાયક ભવ ભય ભંજનારે ।। શીતળ ।। ચક્રીની નવનિધી રિદ્ધી પ્રગટે ।। દુરીત દોષ વિધ્વંશનારે ।। શીતળ ।। ૨ ।। ત્રણ જગત પ્રભુ નામ જપંતા ।। કાટે કરમી મલ ફંદનારે ।। શીતળ ।। ગુણ ગ્રામી ગુલાબનો સેવક ।। નમે મણી ધરી આનંદનારે ।। શીતળ ।। ૩ ।।

ગાયન.

દીઠા દીઠારે પ્રભુનો દેદાર ।। લાગ્યો લાગ્યોરે

મીઠો મનોહાર ॥ દેવ દેવી હરખે કરીરે ॥ સહુ આવે જીન દરબાર ॥ પાર્શ્વનાથની આગળેરે ॥ કાંઈ નવ નવ નાટક થાય ॥ દીઠો ॥ ૧ ॥ પાયે ઘુઘરીઓ રણુઝણુંરે ॥ કાંઇ ઝાંઝરનો ઝમકાર ॥ નર નારી થોકે મળીરે ॥ કાંઈ ગાતી જીન ગુણ ગાન ॥ દીઠો ॥ ૨ ॥ ભક્તિ રસે ભગવંતનીરે ॥ રચણ સિંહાસન ઠામ ॥ રત્ન કનક મણી કળશા ધરીરે ॥ ઇંદ્ર નવણ કરાવે તામ ॥ દીઠો ॥ ૩ ॥ દીઠો દીઠોરે દાદાનો દેદાર ॥ દીઠો દીઠોરે વહાલાનો દેદાર લાગ્યો લાગ્યોરે મીઠો મનોહાર ॥

ગાયન.

હું વાત કહું ઉભા રહોને પ્રભુજી ॥ હાંરે હુંતો તુમ દરશણ વિના મુંઝી ॥ હું ॥ મારારે સમ મારા સનમુખ આવો ॥ હારે હુંતો પાપ કર્મથી ધ્રુજી ॥ હું ॥ ૧ ॥ ધ્યાન ધરીને શું તાનમાંરે જાઓ છો ॥ હારે નથી દેતા જવાબ મન મુકી ॥ હું વાત કહું ઉભા રહોને પ્રભુજી ॥ ૨ ॥

ગાયન.

આજ આણંદ થયો આજ આણંદ થયો ॥ પ્રેમના વાદળ વરસ્યાં દહાડો સફળ થયો ॥ પ્રભુ તુજ

સુરતિ મોહનગારી, લાગેછે મુજને અતિ પ્યારી ॥ તુજ દર્શનની જાઉં બલીહારી ॥ આજ આણુંદ થયો ॥ ૧ ॥ પ્રભુ સમવસરણુમાં બીરાજે છે ॥ જસ ચોત્રીશ અતિસય છાજે છે ॥ ગુણ પાંત્રીશ વાણીએ ગાજે છે ॥ આજ આણુંદ થયો ॥ ૨ ॥

ગાયન.

બેની આવો પૂજામાં વેલાં આવોને, બેની સરખી સાહેલી સાથે લાવોને ॥ મંગળ તુર બજાવત આવો ॥ ગાવો મંગળ ગીત ॥ સુંદર એ શ્રાવકની કરણી ॥ એ જીન સાસન રીત ॥ બેની આવો ॥૧॥ હાંહાંરે બેની આવો પૂજામાં વેલા આવોને ॥ સુંદર મનોહર મૂરતી પ્યારી, જાણે ઉગ્યો ભાણુ ॥ ભવ્ય કમળ પડી બોધતારે ॥ વર્ત્યો જય જયકાર ॥ બેની આવો ॥ ૨ ॥

ગાયન.

તુમસેં લગન લાગી આજ ॥ પ્રભુ તોરા સમવસરણમાં ॥ બેઠી છે પરખદાબાર ॥પ્રભુ॥ જોજન વાણી સુણાય ॥ પ્રભુ.॥ ઇંદ્રાણી ગુણ ગાય ॥પ્રભુ॥ નવ નવ નાટક થાય ॥પ્રભુ॥ સાખી—રૂપાગઢ રળીઆમણો ॥ કંચન કાંગરા સાર ॥ સોનાગઢ સોહામણો ॥ કાંગરા

રત્ન સમાન ॥ પ્રભુ તોરા ॥ સાખી–રત્નનો ગઢ ત્રીજો કહ્યો ॥ કાંગરા મણી મય સાર ॥ ઉપર મણી મય પીઠીકા ॥ તિહાં બેઠા ત્રીભુવન નાથ ॥ પ્રભુ તોરા ॥ સમવસરણમાં તુમસે લગન લાગી આજ ॥ પ્રભુ તોરા ॥

શ્રી સીમંધર સ્વામીનું સ્તવન.

શ્રી સીમંધર સ્વામી ॥ મુક્તિના ગામી ॥ દીઠે પરમ આણંદ (એ આંકણી) સુમતિ આપો કુમતિને કાપો ટાલો ભવભય ફંદ ॥ કર્મ અરિગણ દૂર કરીને ॥ તોડો ભવતરૂ કંદરે ॥ શ્રી સીમંધર ૧ ॥ ચોત્રીશ અતિશય સોભતાંરે ॥ પાંત્રીશ વાણી રશાલ ॥ અષ્ટ પ્રાતિહાર્ય દીપતાંરે ॥ બેઠી છે પરખદા બારરે ॥ શ્રી સીમંધર સ્વામી ॥ ૨ ॥ મહાગોપ મહામહાણ કહીએ, નિર્યામક સથ્થવાહ ॥ દોષ અઢારને દૂરે કરીરે ॥ ભવજલતારણ નાવરે ॥ શ્રી સીમંધર સ્વામી ॥ ૩ ॥ એકવાર દરિશણ દીજીએરે, દાસનો સુણી અરદાશ ॥ ગુણી અવગુણી નવિ લેખવેરે ॥ એ ગીરૂઆનો આચાર રે ॥ શ્રી સીમંધર ॥ ૪ ॥ અગણીત શંકાએ હું ભર્યોરે, કોણ કરે તસ દૂર ॥ જ્ઞાની તુમે દૂરે રહ્યારે, હું પડીઓ ભવ કુંપરે ॥

શ્રી સીમંધર ॥ ૫ ॥ જો હોવત મુજ પાંખડીરે, તો આવત આપ હજુર ॥ એ લબ્ધી મુજ સાંપડે તો ન રહું તુમથી દૂરરે ॥ શ્રી સીમંધર ॥ ૬ ॥ શાશન ભક્ત જે સુરવરારે, વિનવું શીશ નમાય ॥ શ્રી સીમંધરસ્વામીનારે, ચરણકમળ ભેટાડરે ॥ શ્રી સીમંધરસ્વામી ॥ ૭ ॥ ધન્ય મહાવિદેહના જીવનેરે, સદા રહે પ્રભુ પાસ ॥ હું નિર્ભાગી ભરતે રહ્યોરે, ત્યાં કીધાં મેં પાપરે ॥ શ્રી સીમંધરસ્વામી ॥ ૮ ॥ અરિહંત પદ સેવ્યાં થકીરે દેવપાલાદિક સિદ્ધ ॥ હું પણ માગું એટલુંરે, સૌભાગ્ય પદ સમ રિદ્ધરે ॥ શ્રી સીમંધરસ્વામી ॥ ૯ ॥

અષ્ટ પ્રકારી પૂજાનાં ગાયનો.

આજ કાલ્ય જઇશું સાહેલી–એ દેશી.

સરખી સાહેલી સાથે ચાલો સાહેલી ॥ ન્હવણ કરવાં જીન અંગરે ॥ જલપૂજા કરીએ સાહેલી ॥એ આંકણી ॥ સુગંધમય જળ વાસીને સાહેલી ॥ ન્હવરાવે જીનરાયરે ॥ જળપૂજા ॥ તસ ત્રીભુવન જસ વિસ્તરે સાહેલી ॥ દુર્ગંધા દૂર જાયરે ॥ જળપૂજા ॥ ૧ ॥ મલીન વસ્તુ નિર્મલ કરે સાહેલી ॥ એ સ્વભાવ જળમાંહીરે ॥ જળપૂજા ॥ જળશું જીનવર

પૂજતાં સાહેલી ॥ આતમ નિર્મળ થાયરે ॥ જળપૂ- જા ॥ ૨ ॥ ન્હવણ પૂજા કરતાં થકાં સાહેલી ॥ પામી અવીચળ ધામરે ॥ જળપૂજા ॥ તેહુના નામ તુમે સાંભળો સાહેલી ॥ સોમેશ્વરી દ્વીજ નારરે ॥ જળ- પૂજા ॥ ૩ ॥

બીજી ચંદન પૂજા,

(વીરજીણંદ જગત ઉપગારી—એ દેશી)

ચાલો બેની આપણ સહુએ ॥ ચંદનપૂજા કરી- એજી ॥ એ આંકણી ॥ શીતળ ગુણ તે જેહમાં વ- સીઓ ॥ શીતળ જીનવર અંગજી ॥ આતમ શીતળ કરવા કારણ ॥ ચરચો અધીક ઉમંગજી ॥ ચાલો બેની ॥ ૧ ॥ દ્રવ્ય થકી કેસર ચંદન ઘસીએ ॥ ભાવ થકી બહુ માનજી ॥ ત્રીકરણ યોગે પ્રભુને પૂજી ॥ કર્મ ચુરણ કરો આજજી ॥ ચાલો બેની ॥ ૨ ॥ જેમ જયસુરને સુભમતિ પામ્યા ॥ દંપતી પદ નિ- ર્વાણજી ॥ તેમ ભવિ ચંદનપૂજાથી પામો ॥ શીવ- રમણી ગુણખાણજી ॥ ચાલો બેની ॥ ૩ ॥

ત્રીજી પુષ્પ પૂજા.

પૂજીએ પૂજીએ પૂજીએરે જીનરાજ પૂજીને લાહો લીજીએ ॥ એ આંકણી ॥ સરસ સુગંધ કુશુમ વર-

જાતી ॥ પદમ મલ્લિકા ને મોગરેરે ॥ જીન ॥ દમણો મરૂઓ વર સહકારે ॥ ચંપક મંદાર ને ડોલરેરે ॥ જીનરાજ ॥ ૧ જાઈ જુઈને કેતકી જાસુદ ॥ ગુલાબ મચકુંદ જાસુદીએરે ॥ જીન ॥ હાર તોરા ને કલગી કરીને ॥ પૂજીએ પ્રભુ બહુ ભાતીએરે ॥ જીન ॥ ૨ ॥ જેમ લીલાવતી પૂષ્પ પૂજાથી ॥ પામી પરમાનંદનેરે ॥ જીન ॥ તેમ ભવિ ભાવે કુસુમ પૂજાથી ॥ લહો સીવ સુખ આનંદનેરે ॥જીન ॥ ૩ ॥

ચોથી ધુપ પૂજા.

આવો આવોને સાહેલીઓ જીરે ॥ ધુપ પૂજા કરો સારરે ॥ આવો આવોને સાહેલીઓ જીરે ॥ એ આંકણી ॥ ધુપ ઘટા પ્રગટાવીએ જીરે ॥ ધરીએ જીન વામાંગરે ॥ આવો ॥ અગર તગર સુગંધથીજીરે ॥ કૃષ્ણાગરૂ ને દશાંગરે ॥ આવો આવો ॥ ૧ ॥ દ્રવ્યથી ધુપની પૂજના જીરે ॥ ભાવથી નિર્મલ ધ્યાનરે ॥ ॥ આવો ॥ કરતાં કર્મ દૂરે ટળે જીરે ॥ પામે કેવળજ્ઞાનરે ॥ આવો આવો ॥ ૨ ॥ ભવ સાતમે સિદ્ધી વર્યાજીરે ॥ વીનયંધર ભુપાલરે ॥ આવો ॥ એમ ભવિ ભાવે આદરો જીરે ॥ પામો સૌભાગ્ય વિશાળરે ॥ આવો આવો ॥ ૩ ॥

પાંચમી દીપક પૂજા.

(કોયલ ટહુકે રહી મધુવનમેં—એ દેશી)

દીપકજ્યોતિ બની નવરંગા ।। દીનદયાલકે દાહીણુ અંગા ।। એ આંકણી જીનઘર જઇએ દીપક ધરીએ ।। કેવલજ્ઞાન ને સીવસુખ વરીએ ।। સુદ્ધ દશા ચેતનકું પ્રગટે ।। મોહ તિમિર સવી દૂરે કરીએ ।। દીપક ।। ૧ ।। ચિદાનંદ ઝક ઝોલ ઘટામેં ।। સહજ આણુંદ પૂર ભરીએ ।। જીમ જીનમતિ ધનસિરી દોય પામી ।। તીમ દીપક પૂજનસેં સીવ ગામી ।। દીપક ।। ૨ ।।

છઠ્ઠી અક્ષત પૂજા.

(ધન ધન તે જગમેં નરનાર ।। સીદ્ધાચલકે જાનેવાલે—એ દેશી)

ચાલો ચાલો બેની આજ અક્ષત પૂજા કરીએ ।। અક્ષત પૂજા કરીએ બેની ભવસાયરને તરીએ ।। ચાલો ચાલો બેની આજ અક્ષત પૂજા કરીએ ।। એ આંકણી ।। અક્ષત ઉજવલ તંદુલ ધરીએ ।। અક્ષય પદને લહીએ ।। અષ્ટ કર્મને દૂર કરીને, અષ્ટમી ગતીને વરીએ ।। ચાલો ચાલો ।। ૧ ।। દ્રવ્ય ભાવથી

પૂજા કરીએ ।। કર્મ અરીગણુ દમીએ ।। જીમ તીરી ભવમાં ફીરચુગળને ।। તિમ સીવનારી ગ્રહીએ ।। ચાલો ચાલો ।। ૨ ।।

સાતમી નૈવેદ્ય પૂજા.

બલીહારી બલીહારી જગનાથ હો જાઉં તોરી ।। એ દેશી ।। છબી ન્યારી છબી ન્યારી જીનરાજ હો પ્રભુ તોરી ।। સાંતિજીન સાંતી સેવક દીજીએજી ।। એ આંકણી ।। મુર્તિ તુમ મોહનગારી ।। મુજ મન લાગે પ્યારી ।। કાલ અનાદીનાં અઘહારી ।। જીન-રાજ ।। ૧ ।। લાખ ચોરાશી ભમીયો ।। ભમતા પ્રભુ તુહીં મળીઓ ।। અબ મેં છોડું મા આ વારી ।। જીનરાજહો ।। ૨ ।। નૈવેદ્ય પૂજા ભારી ।। થાળ ભરી લાવે નર નારી ।। જેમ ભુપ હલી સાતમે સીવનારી ।। જીનરાજહો ।। ૩ ।।

આઠમી ફળ પૂજા.

વારી સરસ્વતિ સ્વામીની વીનવુંરે ।। વારી જીન પદ લાગુંજી પાય મોરા લાલ ।। હવે ન નમું દુજા દેવનેરે ।। સાચી સાચી જીનંદ તોરી પ્રીત મોરા લાલ ।। હવે ન નમું દુજા દેવનેરે ।। એ આંકણી ।। વારી ફલ પૂજા ભાવે કરીરે ।। વારી ફળથી સીવસુખ

થાય મોરા લાલ ા હવે ન નમું ા ૧ ા વારી દા- ડીમ દ્રાક્ષને નીમજાંરે ા વારી ચુય ફળ નારંગી સાર મોરા લાલ ા હવે ન નમું ા વારી જમરૂખ તરબુજ અંજીરારે ા વારી ફનસ પપૈયાં ધાર મોરા લાલ ા ૨ ા વારી અખોડ બદામ પુંગી ફલારે ા વારી ઉત્તમ શ્રીફળ લાવ મોરા લાલ ા વારી કીરયુગલ નારી દુર્ગતાંરે ા વારી ફળથી વર્યા શીવનાર મોરા લાલ ા ૩ ા

—→※(૦)※←—

ા નવ પદની પૂજાના ગાયનો ા

પહેલી અરીહંત પદ પૂજા.

(પદ્મપ્રભુ પ્રાણુસેં પ્યારા–એ દેશી)

મારા સમ સાંભળો સ્વામી ા અવધારો વીનતી મારી ા મુકી ગયા ભરતના વનમાં ા ઉદાશી થઈ રહ્યા દીલમાં ા મારા. ૧ ા ગુન્હો સ્યો કીધો મેં આજે, નથી બોલંતાં મુજ સાથે, દયા મુજ કીજીએ ભારી ા સેવક જાણી તારીએ સ્વામી. ા મારા સમ ા ૨ ા જાણું પ્રભુ તુમ નીરાગી ા હું તો પ્રભુ તુમસે રાગી મળીઆ મુને દુષમ કાળે ા નહી

છોડું હું આ વારે ॥ મારા સમ ॥૩॥ ભાળી મેં નેહ નજર તારી ॥ ઉગારોને આ ભવ વારી ॥ રાખુ નહિ હું હવે ખામી ॥ ભવો ભવ સેવના તારી ॥ મારા સમ ॥ ૪ ॥

બીજી સીદ્ધ પદ પૂજા.

પ્રભુ તારો મુલક મારે જોવો છે ॥ મને એકવાર મુક્તિ દેખાડ ॥ વાલા તારો મુલક મારે જોવો છે ॥ મને ભવજળ પાર ઉતાર ॥ વાલા તારો મુલક મારે જોવો છે ॥ એ આંકણી ॥ કેવો છે કેવો છે વાલા તારો મુલક તે કેવો છે॥ એતો જોવા જેવો છે ॥ વાલા તારો મુલક મારે જોવો છે ॥ ૧ ॥ લાખ પીસ્તાલીશ જોજન લાંબી ॥ સિદ્ધશીલા જીહાં સોહે છે ॥ વાલા ॥ જોજનને ચોવીશમે અંશે ॥ સિદ્ધને દેખી મન મોહે છે ॥ વાલા તારો ॥ ૨ ॥ જ્યોતિસ્વરૂપી પરમાનંદી ॥ નીરજંન નીરાકારી છે॥ વાલા ॥ અક્રોહી અમાની અમાયી ॥ નીરાગી નીદ્વેષી છે ॥ વાલા તારો ॥ ૩ ॥ રાતે વર્ણું સિદ્ધ કહ્યા છે ॥ અનંત ચતુષ્ટ ધાર રે ॥ વાલા ॥ હસ્તીપાળ પરે ભવિ સેવો ॥ જેમ પામો સીવનારરે ॥ વાલા તારો ॥ ૪ ॥

ત્રીજી આચાર્ય પદ પૂજા.

તારો તારો સૂરીજી તારો તારો સૂરીજી મોહે તારોરે ॥ હુંતો આવ્યો ગુરૂજી તુમ પાસેરે ॥ તારો તારો સૂરીજી ॥ એ આંકણી ॥ ગુરૂ છત્રીશ છત્રીશીએ સોહતારે ॥ સૂરી યુગપ્રધાન પદ ધરતાંરે ॥ સૂરી ભવ્ય કમળ પડીબોહતારે ॥ તારો તારો ॥ ૧ ॥ સૂરી પંચ પ્રસ્થાને દીપતારે ॥ પડીરૂવાદિ ચઉદ ગુણ ધરતાંરે ॥ બાર પણ વીસ ભાવના ભાવતારે ॥ તારો તારો ॥ ૨ ॥ મન તુરંગ વશ કરી રાખ્યુંરે ॥ શ્રુત જ્ઞાનદોરીથી બાંધ્યુંરે ॥ પુરૂષોત્તમે એ પદ સાધ્યુરે ॥ તારો તારો ॥ ૩ ॥

ચોથી ઉપાધ્યાય પદ પૂજા

જાજારે દૂરે દુરમતિ ॥ મને મળીઆ મહોપાધ્યાય પતી ॥ જાજારે દૂરે ॥ અબ જાગી છે મુજ શુભ મતિ ॥ જાજારે દૂરે ॥ દ્વાદશ અંગ સજ્ઝાય કરે જે ॥ સૂત્રાર્થનું દીએ દાનરે ॥ જાજારે દૂરે ॥ મૂર્ખ શીષ્યને નીપુણ કરેજે ॥ જીનશાશન અજુવાળેરે ॥ જાજારે દૂર ॥ ૧ ॥ સારણાદિક ગચ્છ માંહે કરતાં ॥ પણ રમતા નીજ ઘરમાંરે ॥ જાજારે દૂરે ॥ જે પરવાદી મતંગજ કેરો ॥ ભય ધરતા નહિં મ-

નમારે ॥ જાજારે દૂરે ॥ ૨ ॥ પંચમકાળે પાઠક પદને ॥ સેવો તુમે ચીત દઇનેરે ॥ જાજારે દૂરે ॥ મહેંદ્રપાળ જેમ સીવવધુ વરીઓ ॥ તેમ ભવિ સીવસુખ લહીએરે ॥ જાજારે દૂરે દૂરમતિ ॥ ૩ ॥

પાંચમી સાધુપદ પૂજા.

(આનંદ કંદ પૂજતા જીણુંદ ચંદહુ—એ દેશી)

મુણીંદ ચંદ ઇશ મોહે તાર તાર તાર ॥ જ્ઞાનકે તરંગ ભંગ સાત જાણુકાર ॥ મુણીંદ ॥ સંતકે મહંત મુણી વૃત પંચધાર ॥ યતિ વ્રતિ સંયમી જગતકો આધાર ॥ મુણીંદ ॥ ૧ ॥ સમ ચાલી દોષ ટાલી લેત હેં અહાર ॥ સાત વીશ ગુણધાર આતમા ઉજાર ॥ મુણીંદ ॥ એસા ગુરૂ દેખતે હર્ષ હોય અપાર, સંસાર પારાવારથી ઉતારવા ને નાવ ॥ મુણીંદ ॥ ૨ ॥ સોહે સ્યામ રૂપસેં નિર્મલ હોય વાન ॥ કૃપાસીંધુ તુહી ગુણકો નીધાન ॥ મુણીંદ ॥ વીરભદ્ર સાધુસેં જી-નપદ સાર ॥ લેઈ મુક્તિ ભવપાર કુગુરૂ સંગ છાર ॥ મુણીંદ ॥ ૩ ॥

છઠ્ઠી દર્શન પદ પૂજા.

(ઓછવ રંગ વધામણા પ્રભુ પાર્શ્વને નામે—એ દેશી)

દર્શનપદ છઠ્ઠે નમું તુમે સાંભળો ભવિયણ ॥ હાં

હાંરે તુમે સાંભળો ભવિયણ ॥ તત્વ પદારથ નવ કહે શ્રી મહાવીર જીનવર ॥ હાં હાંર શ્રી ॥ ૧ ॥ દેવગુરૂ ને ધર્મની જે શ્રદ્ધા કરશે હાં હાંરે જે ॥ સમ્યગ્ દૃષ્ટી જીવને અર્ધ પુદ્ગલ ફરસે ॥ હાં હાંરે ॥ ૨ ॥ શ્રદ્ધા વિના નહિ જ્ઞાન છે જ્ઞાન વિના નહિ ચરણા ॥ હાં હાંરે ॥ ચરણ વિણ મુક્તિ નહી ॥ એમ ઉત્તર ઝયણા ॥ હાં હાંરે ॥ ૩ ॥ સડસઠ ભેદ છે એહના, તે નિશ્ચય નય બોલે ॥ હાં હાંરે ॥ લક્ષણ પંચ છે એહના જે સીવસુખ જોડે ॥ હાં હાંરે ॥ ૪ ॥ સમ સંવેગ નિર્વેદના ॥ આસ્તિકય કરૂણા ॥ હાં હાંરે ॥ સીવફળ કેરા વૃક્ષના ॥ એ બીજ ભલેરા ॥ હાં હાંરે ॥ ૫ ॥ હરી વિક્રમ નૃપે સેવીયા ॥ અનુભવ રંગ ઘોલા ॥ હાં હાંરે ॥ એક મુહુર્ત સમ શ્રેણીએ ॥ લહો હર્ષ કલ્લોલા ॥ હાં હાંરે ॥ ૬ ॥

સાતમી જ્ઞાનપદ પૂજા.

(મને સંસાર સેરી વીસરીરેલોલ એ દેશી.)

મને જ્ઞાનીની ગોઠડી મીઠડીરેલોલ ॥ જેથી જાય અજ્ઞાનની ભીતીજો ॥ હાંરે ભેદ પાંચ એકાવન જ્ઞાનનારે લોલ; જાણો જ્ઞાની ગુરૂની પાસ જો ॥ હાંરે મને જ્ઞાનીની ગોઠડી મીઠડીરે લોલ ॥ ૧ ॥ એ આં-

કણી ।। પેહેલું જ્ઞાનને પછે દયા કહીરે લોલ ।। એમ સૂત્ર સિદ્ધાંતથી ધારજો ।। હારે જેથી ભક્ષા ભક્ષને જાણીએરે લોલ ।। થાય પેયાપેય વિચારજો ।। હાંરે મને ।। ૨ ।। હાંરે તેહ જ્ઞાનને નિત્ય નિત્ય વંદીએરે લોલ ।। જેહ સ્વપર પ્રકાશક ભાણુજો ।। હારે રવી જ્ઞાન ઉદયના તેજથીરે લોલ ।। ઘુવડ અજ્ઞાન દૂરે જાયજો ।। હારે મને ।। ૩ ।। પંચજ્ઞાન માહે મોટું કહ્યુંરે લોલ ।। કેવળજ્ઞાન સદા જયકારજો ।। હારે મેરૂ શશી રવી ને ઇંદ્રનીરે લોલ ।। ઉપમા તે જ્ઞાનીને ધારજો ।। હારે મને ।। ૪ ।। આત્મસ્વરૂપ જાણ્યા વિનારે લોલ ।। ફરે જેમ જંગલનું રોઝ જો ।। ભુવઅટવી રૂલે અજ્ઞાનથીરે લોલ ।। પાર પામે થાય જ્ઞાન ઉદ્યોત જો ।। હારે મને ।।૫।। જયંત નરેશ્વર પામીયોરે ।। અતિ અદ્‌ભૂત જીનપદ સારજો ।। હારે જ્ઞાન જ્ઞાની તણા બહુ માનથીરે લોલ ।। લહ્યું શાશ્વત પદ મનોહારજો ।। હારે મને ।। ૬ ।।

આઠમી ચારીત્ર પદ પૂજા.

ચારિત્રપદ નમો આ મેરે ।। જે કરે કર્મ નિરોધ સંયમ રંગ લાગ્યો ।। રંગ લાગ્યોરે ચોલ મજીઠ સંયમ રંગ લાગ્યો ।। એ આંકણી ।। સતર ભેદ છે

જેનારે ॥ સીતેર ભેદ પણ થાય ॥ સંયમ રંગ ॥ બાર કષાય ક્ષય ઉપસમેરે ॥ સર્વ વિરતી ગુણ ઠાણુ ॥ સંયમ રંગ ॥ ૧ ॥ સમિતિ ગુપ્તિ મહાવ્રત ધરારે ॥ દશ ખંત્યાદિ જાણુ ॥ સંયમ ॥ ચારિત્ર મોહનો ક્ષય કરીરે ॥ લહ્યું સપ્તમ ગુણ ઠાણુ ॥ સંયમ ॥૨॥ અનુતર સૂર સુખથી વધેરે ॥ વર્ષ સંયમ ગુણધાર ॥ સંયમ ॥ ઈંદ્રાદિક પણ સહુ નમેરે ॥ સંયમ પદ અભેરામ ॥ સંયમ ॥ ૩ ॥ ચારીત્ર પદને સાધનારે વરૂણ પામ્યો ભવપાર ॥ સયમ ॥ હું પણ સંયમ સાધતાંરે ॥ પામુ પદ મનોહાર ॥ સંયમ ॥ ૪ ॥

નવમી તપ પદ પૂજા.

તપ કરીએ સમતા રાખી ઘટમાં ॥ રાખી ઘટમાં વાલા રાખી ઘટમાં ॥ તપ કરીએ ॥ કરમાં તપ તરવાર ગ્રહીને ॥ લડીએ કર્મ કઠીન જટમાં ॥ તપ ॥ ૧ ॥ કર્મરૂખ ભંજન ગજવર જાણો ॥ તીવ્ર નમો તપ એમ ઘટમાં ॥ તપ ॥ બાહ્ય અભ્યંતર ભેદ નિહાળો ॥ તપ ઈચ્છારોધ કરી મનમા ॥ તપ ॥૨॥ પર પરણિતિનો ત્યાગ કરીને ॥ આતમ સત્તા ધરી ચીત્તમાં ॥ તપ ॥ કનકકેતુ તપ પદ સેવીને ॥ તિથકર પદને વરીયાં ॥ તપ ॥ ૩ ॥

સ્તવન.

ઉંચુ તે ઉંચુ ઉંચેરૂં સાહેલડીઆ ॥ ઉંચુ પ્રભુજીનું દ્વારરે ગુણ વેલડીઆં ॥ એ આંકણી ॥ શ્રી સ્થંભન પ્રભુ પાર્શ્વનીરે સાહેલડીયા ॥ મુર્તિ અતિ મનોહારરે ગુણ વેલડીઆ ॥ શ્રી અભયદેવ સૂરીશ્વરૂરે સાહેલડીયાં ॥ રોગે ગ્રહ્યો તસ દેહરે ગુણ વેલડીઆં ॥ ૧॥ જેહના નમનનાં નીરથીરે સાહેલડીયાં રોગ ગયો તત્ખેવરે ગુણ વેલડીઆં ॥ તે પ્રભુ સ્થંભન તીરથે સાહેલડીઆં ॥ રત્નમય મુર્તિ સારરે ગુણ વેલડીઆં ॥ ૨ ॥ ભવિ જીવના ભય ભાંજતારે સાહેલડીઆં ॥ વરતાવે જય જયકારરે ગુણ વેલડીઆં ॥ સમય સમય નમું તેહનારે સાહેલડીઆં ॥ પદ પંકજ મનોહારરે ગુણ વેલડીઆં ॥ ૩ ॥

સ્તવન.

સ્વસ્તી શ્રી સ્થંભનપુરેરે લોલ ॥ સોહે શ્રી સ્થંભન પાસ મારા વાલા ॥ તારજે તું મુજ સાહિબારે લાલ ॥ મુજ વિનંતિ ચીત્ત ધાર મારા વાલા ॥ તારજે તું મુજ સાહિબારે લાલ ॥ એ આંકણી ॥ મુજ અવગુણ જોતાં થકાંરે લોલ ॥ ન આવે તુમને મહેર ॥ માગ વાલા ॥ પણુ ગોરૂઆ

ગંભીરછોરે લોલ ।। જેહવી શાયર લહેર ।। મારા વાલા ।। તારજે ।। ૧ ।। પાચમેઆરે તું મળ્યોરે લોલ પ્રગટયો છે પુણ્ય નિધાન ।। મારા વાલા ।। ધન્ય ઘડી દિન માહુરોરે લોલ ।। ધન્ય ધન્ય મુજ અવતાર ।। મારા વાલા ।। હવે ન છોડું તારી ચાકરીરે લોલ ।। હવે ન છોડું તારો છેડલોરે લોલ ।।૨।। તુજ મુખ કમળે મોહીયુંરે લોલ ।। મુજ મન ભ્રમર સમાન ।।મારા વાલા।। આંખડ કામણ ગારડીરે લોલ ।। નીલવર્ણું મનોહાર ।।મારા વાલા તારજે ।।૩।। દરશન ત્રણ કાળ તાહરૂંરે લોલ ।। કરતાં આણુ દપૂર ।। મારા વાલા ।। દ્રવ્યથી તો હું દૂરછુંરે લોલ ।। પણ ભાવથી આપ હજુર ।। મારા વાલા તારજે ।।૪।। દયા કરીને હવે દીજીએરે લોલ ।। સેવકને સમકીત દાન ।। મારા ।। અનુત્તર દેવ પણ ચાહતાંરે લોલ ।। સૌભાગ્ય લક્ષ્મી સુખકાર ।। મારા વાલા ।। હવે ।। ૫ ।।

ગાયન.

એની આવોને આ પૂજા ભણાવવા સ્નેહથીરે ।। વાલી લાગે મૂને જૈનધર્મની રીત ।। એની આવોને ।।

સાખી—ધર્મ ધર્મ ઢુંઢે સહુ ॥ ધર્મના જાણે ન મર્મ ॥ અજ્ઞાન વસેં જગ જીવડાં ॥ બાંધે બહુલાં કર્મ ॥ દેશી ॥ બેની તત્વ વિચારી જૈનધર્મ તુમે આદરોરે ॥ જેથી પામો તમે સીવસુંદરી વરમાલ ॥ બેની આવોને ॥ ૧ ॥ સાખી—સર્વ ધર્મ માંહે કહ્યો જૈનધર્મ પ્રધાન ॥ તેમાં દેવ અરિહંત છે ॥ ભવજળ તારણુ નાવ ॥ દેશી ॥ બેની ભક્તિ યુક્તિ શક્તિથી તુમે શેવજોરે ॥ જેથી પામો તુમે ભવજળ ધીનો પાર ॥ બેની આવો ॥ ૨ ॥ સાખી—એ જીનની સેવા વિના ॥ ભમીઓ કાળ અનંત ॥ હવે જગ તારણુ તું મિલ્યો ॥ કરો મુજ કર્મનો અંત ॥ દેશી ॥ બેની એ પ્રભુનો ઉપગાર કદી ન વિસરીએરે ॥ માગો ત્રીકરણુ યોગે પ્રભુ ચરણુની સેવ ॥ બેની આવોને ॥ ૩ ॥

ગાયન.

આદિ જીણુંદા હોકે હું તુજ વંદુ મારા લાલ ॥ સુરત મોટી હોકે મોહનગારી મારા લાલ ॥ કેશર ચંદન હોકે કુમ કુમ ઘોળી મારા લાલ ॥ પૂજવા ચાલી હોકે સુંદરી ભોળી મારા લાલ ॥ ૧ ॥ પાંચ વરણુના હોકે ફૂલ મગાવો મારા લાલ ॥ ફૂલ

મગાવી હોકે હાર ગુંથાવોં મારા લાલ હાર ગુંથાવી હોકે પ્રભુ કંઠે ઠવો મારા લાલ ॥ પ્રભુ કંઠે ઠવો હોકે ભાવના ભાવો મારા લાલ ॥ ૨ ॥ ભાવના ભાવો હોકે સનમુખ જુવો મારા લાલ ॥ સનમુખ જોઇને હોકે નાટક કરીએ મારા લાલ ॥ નાટક કરીને હોકે કર્મ ખપાવો મારા લાલ ॥ કર્મ ખપાવી હોકે સીવસુખ પામો મારા લાલ ॥ ૩ ॥

ગાયન.

ડંકો વાગ્યોને સંઘ ઉપડયો ઝરમરીઆ ઝાલા ॥ સંઘ ચાલ્યો સિદ્ધાચળની વાટરે ઝરમરીઆ ઝાલા ॥ પહોચ્યો છે પાલીતાણા શહેરરે ઝરમરીઆ ઝાલા ॥ ચઢયો છે ગીરી કેરી પાગરે ઝરમરીઆ ઝાલા ॥ ડંકો ॥ ૧ ॥ ઉતર્યો છે દાદાને દરબારરે ઝરમરીઆ ઝાલા ॥ વાંધા છે આદીજીણંદરે ઝરમરીઆ ઝાલા મોહને કર્યો ચકચુરરે ઝરમરીઆ ઝાલા ॥ મોહ તે ઓાળા ખોળા પાથરે ઝરમરીઆ ઝાલા ॥ ડંકો ॥ ૨ ॥ જગમાં મોહ છે બળવંતરે ઝરમરીઆ ઝાલા ॥ તેહનો પ્રભુ કરે અંતરે ઝરમરીઆ ઝાલા ॥ હરિ હરાદિક દેવરે ઝરમરીઆ ઝાલા ॥ મોહથી પડયાં તતખેવરે ॥ ઝરમરીઆ ॥ ૩ ॥ મોહનાં પાંચ છે

આણુરે ॥ ઝરમરીઆ ॥ એક નારીને બીજો કામરે ॥ ઝરમરીઆ ॥ એહને કરો તુમે દૂરરે ॥ ઝરમરીઆ ॥ જેહુથી લહો સીવપુરરે ॥ ઝરમરીઆ હાલા ॥ ૪ ॥

ઠુમરી.

રખે નાચતાં પ્રભુજી આગે લાજ ન આણો—એ આંકણી ॥ લાજે વિણસે કાજ કેઈનાં ॥ જીવ અનંતકાળ અથડાણો ॥ રખે ॥ ૧ ॥ ઇંદ્રણી નાચે ચંદ્રણી નાચે ॥ નાચે વિદ્યાધર રાય રાણો ॥ રખે ॥ ૨ ॥ રૂપચંદ કહે નાથ નીરંજન ॥ સાચો સદા સુખ એ જાણો ॥ રખે ॥ ૩ ॥

શ્રી રીખભદેવજીનું સ્તવન.

મનુ પ્યારા મનુ પ્યારા ॥ રીખભદેવ મનુ પ્યારા મનુ પ્યારા ॥ એ આંકણી ॥ પ્રથમ તીર્થંકર પ્રથમ નરેશ્વર ॥ પ્રથમ યતિવ્રત ધારા ॥ રીખભ ॥ ॥ ૧ ॥ નાભીરાયા મરૂદેવીકો નંદન ॥ યુગલા ધર્મ નીવારા ॥ રીખભ ॥ ૨ ॥ કેવળ લઈ પ્રભુ મુકતે પહોંચ્યાં ॥ આવાગમનની વારા ॥ રીખભ ॥ ૩ ॥ આનંદઘન પ્રભુ ઇતની વીનંતી ॥ આ ભવ પાર ઉતારા ॥ રીખભ ॥ ૪ ॥

સ્તવન.

માહરા સામળીઆની વાતરે હું કેને પૂછું ॥ મ્હારા ॥ જેને પૂછું તે દૂર બતાવે, પીયા બીન રહ્યો ન જાયરે ॥ હું ॥ મારા ॥ ૧ ॥ તોરણ આવી ચલે રથ ફેરી, પશુઆનો સુણીય પોકારરે ॥ હું ॥ મારા ॥ ૨ ॥ આંબા મોર્યા કેશુડા ફૂલ્યાં, આવ્યો માસ વસંતરે ॥હું॥ મારા ॥૩॥ દાદૂર મોર બપૈયાંરે બોલે, કોયલ શબ્દ શુણાયરે ॥ હું ॥ મારા ॥ ૪ ॥ ઝરમર ઝરમર મેહુલો વરસે ॥ બુંદ પડે રંગ રોલરે ॥ હું ॥ મારા ॥ ૫ ॥ લખ્યો સંદેશો પીયા મીલવેકો, કોઈ આ બતાઉ ન જાયરે ॥ હું ॥ મારા ॥ ૬ ॥ રિદ્ધિ કુસલ બુધ શીષ્ય એમ જંપે ॥ વલ્લભ ધ્યાન ધરંતરે ॥ હું ॥ મારા ॥ ૭ ॥

હોરી.

શાન્તીજીકે દરબાર ચાલો ખેલીએ હોરી ॥ માસ વસંત ભવીક પરીણામી ॥ છોરે તમે શીરદાર ॥ ચાલો ॥એ આંકણી॥ ગુરૂવચનામૃત કોકીલ બોલે ॥ સબહીકું સુખકાર ॥ આતમજ્ઞાનકે નિરખત ફૂલે ॥ નિરૂપાધીક સહકાર ॥ચાલો ॥ ॥ જોગાષ્ટક વર પદ્મ પરાગે ॥ ગાતાં અતી ગુંજાર ॥ ચાલો ॥

ઉપશમ લાલ ગુલાલ અનુપમ ॥ સમતાં શુભ ઘન-
સાર ॥ ચા ॥ દ્રવ્યભાવ પૂજા પીચકારી ॥ ગ્રહીયેં
વિવિધ પ્રકાર ॥ ચા ॥ ૨ ॥ જીનગુણ
જ્ઞાન મૃદંગ મનોહર ॥ તાલ એકાંત વિચાર
॥ ચાલો ॥ ૩ ॥ અનુભવ અધ્યાતમ વરવીણા ॥
શુભ ચીંતન ઝણુકાર ॥ચાલો॥ ધ્યાન તેલ ફૂલેલ
સુરંગા ॥ છરકો પ્રભુ સુપ્રકાર ॥ ચાલો ॥ ૪ ॥
સીવપદ દામ ગ્રહ્યા ભલી ભાતે ॥ પ્રભુસેં મીલી
એક તાર ॥ચાલો॥ ઈણી વીધીસેં હોરી ખેલંતે
॥ જીન કહે જય જયકાર ॥ ચાલો ॥ ૫ ॥

ખ્યાલ રાગ સ્તવન પદ.

વીર વીના વાણી કોણ સુણાવે ॥ કોણ સુણાવે
કોણ બતાવે ॥વીર॥ જબથેં વીર ગયે શીવમંદીર
॥ તબ મેરા સાંસો કોણ મીટાવે મીટાવે ॥ વીર
॥ ૧॥ તુમ વિના ચઉવીહ સંઘ કમળ દળ ॥ વી-
કસીત કોણ કરાવે કરાવે ॥ વીર ॥ ૨ ॥ કહે
ગૌતમ ગણધર તુમ વીરહે ॥ જીનવર દીનકર જાવે
જાવે ॥ વીર॥ ૩ ॥ મોકું સાથ લઈ કયુ ન ચલે
॥ ચીત અપરાધ ધરાવે ધરાવે ॥ વીર॥ ૪ ॥ ઇમ
પર ભાવ વીચારી અપનો ॥ ભાવશું ભાવ મીલાવે

મીલાવે ॥ વીર ॥ ૫ ॥ સમવસરણુમેં બેઠે તખત પર ॥ હુકમ કોણુ ફરમાવે ફરમાવે ॥ વીર ॥ ૬ ॥ વીર વીર લવતે વીર અક્ષર ॥ અંતર તિમીર હરાવે હરાવે ॥ વીર ॥ ૭ ॥ ઇંદ્રભૂતિ અનુભવકી લીલા ॥ જ્ઞાનવીમળ ગુણુ ગાવે હો ગાવે ॥ વીર ॥ ૮ ॥ સકળ સુરાસુર હરખીત હોવે ॥ જુહાર કરણુકુ આ વે હો આવે ॥ વીર ॥ ૯ ॥

ગાયન.

ગીરીરાજકું હમારી વંદનારે ॥ જીનરાજકું હમારી વંદણારે ॥ ભવદૂખ વારણુ શીવસુખ કારણુ ॥ દેખત ભવ નહી ફંદનારે ॥ ગીરીરાજ ॥ ૧ ॥ નાભીરાયા મરૂદેવીકો નંદન ॥ પ્રણુમું રીખભ જીણુંદન.રે ॥ ગીરીરાજ ॥ ૨ ॥ નિસિવાસર પ્રભુ ધ્યાન તમારો ॥ જીમ ચાતક દીલ ચંદનારે ॥ ગીરી ॥ ૩ ॥ ચતુર કુશળ કેહે શરણુ તુમારો ॥ સીદ્ધગીરી કર્મ નીકંદનારે ॥ ગીરી ॥ ૪ ॥

ગાયન.

તને હસી હસીને સમજાવુંહો ચેતન ચેતોરે ॥ તને સાન કરી શીખલાવુંહો ॥ ચેતન ॥ તને વાતો કરીને બતલાવું હો ॥ ચેતન ॥ એ આંકણી ॥ ઉપ-

શમના બજારમાંરે ॥ જ્ઞાન રત્ન વેચાય ॥ ગ્રાહકતો મળશે ઘણુારે ॥ તેનાં મૂલ મોંઘેરા થાય ॥ ચેતન ॥ ૧॥ વીષય નારી રંગસુંરે ॥ નિશિદીન રહ્યોરે લોભાય ॥ સુમતિ નારીને ભોગવેરે ॥ તેહનું જીવતર લેખે થાય ॥ ચેતન ॥ ૨ ॥ અંજલી જળ જયું આઉખુંરે ॥ ને તૃષ્ણા ન સમાય ॥ બાજીગર બાજી રચીરે ॥ તું તો જાણ્ય એવો સંસાર ॥ ચેતન ॥ ॥ ૩ ॥ શ્રી ગોડીચા રાયજીરે ॥ ચરણે લાગું પાય ॥ રૂપવિબુધ કવી રાયનોરે ॥ તારે નામે નવનીધી થાય ॥ ચેતન ॥ ૪ ॥

સ્તવન પંદ.

કેશરીયાસેં લાગ્યો મોરો ધ્યાનરે ॥ બીજુ મુને કાંઈ ન ગમે છે ॥ નાભી નૃપ મરૂદેવીકો નંદન ॥ તુમ પર જીયા ખુરબાનરે ॥ બીજુ ॥ કેશરીયા ॥૧॥ ધનુષ્ય પાંચશેં માન મનોહર ॥ કાયા કંચન વાનરે ॥ બીજુ ॥ કેશરીયા ॥ ૨ ॥ યુગલા ધર્મ નિવારણ સાહિબ ॥ રાજેશ્વર રાજાનરે ॥ બીજુ ॥ કેશરીયાસેં ॥ ૩ ॥ રૂષભદાસકી આશા પુરજો ॥ સેવક અપના જાણુરે ॥ બીજુ ॥ કેશરીયાસેં ॥ ૪ ॥

ગાયન.

દેરાસર વાગે છે વાંશળીરે ॥ ઉપાશ્રય પડીયા નીશાણુ હો લાલ ॥ ઘરમાં ઘડીએ નથી ગોઠતુંરે ॥ ધરીયે સિદ્ધચક્રનું ધ્યાન હો લાલ ॥ ઘરમાં ॥ ૧ ॥ એ આંટણી ॥ કાઠીયા તેર આહાં પડેરે ॥ રાગ દ્વેષ દોય પાશ હો લાલ ॥ ચાર કષાય ચોર મોટકાંરે ॥ લુંટે ધર્મના સ્થાન હો લાલ ॥ ઘરમાં ॥ ૨ ॥ મોહ માયા મચ્છર કરીરે ॥ ભરીયો સંસાર અસાર હો લાલ ॥ લઘુ કર્મી જીવ હોયશેરે ॥ થાશે શીવસુંદરી ભરતાર હો લાલ ॥ ઘરમાં ॥ ૩ ॥ જેમ શ્રીપાળને મયણાસુંદરીરે ॥ ધર્યું નવપદનું ધ્યાન હો લાલ ॥ નવ ભવ નર સુર સુખ લહીરે ॥ લીધું ત્રીભુવનનું રાજ હો લાલ ॥ ઘરમાં ॥ ૪ ॥

દેશી.

મહોલ પધારો મહારાજ ॥ નેમ પ્રભુ મ્હોલ પધારો ॥ રાજુલ જોવેછે વાટ ॥ નેમ પ્રભુ મહોલ પધારો ॥ ૧ ॥ અમને મુકી ગયા નીરધાર ॥ નેમ પ્રભુ મહોલ પધારો ॥ અમને મુકી ચાલ્યા ગીરનાર ॥ નેમ પ્રભુ મહોલ પધારો ॥ ૨ ॥

દેશી.

વારી હવે નહિ માનું દુજા દેવનેરે ॥ સાચી સાચી જીણુંદ તોરી પ્રીત મોરે લાલ ॥ હવે નહિ ॥ વારી આશા કરીને અમે આવીયારે ॥ હવે લીધા વીના નહિ જાઉં મોરા લાલ ॥ હવે નહિ ॥ વારી ભાવે તે જીનવર પૂજીયેરે ॥ વારી ભાવે તે દીજે દાન મોરે લાલ ॥ હવે નહિ ॥

દેશી.

અજીત જીનેશ્વર સાહીબારે લોલ ॥ વીનતડી અવધાર મહારા વહાલાજીરે ॥ હવે નહિ છોડું તારી ચાકરીરે લોલ ॥ એ આંકણી ॥ તું મન રંજન માહરોરે લોલ ॥ દીલડાનો જાણુહાર મહારા વહાલાજીરે ॥ હવે ॥ પંચમે આરે તું મળ્યોરે લોલ ॥ પ્રગટયાં છે પુણ્ય નીધાન મહારા વહાલાજીરે ॥ હવે ॥

દેશી.

આ સરસ્વતિ સ્વામીને વીનવું ॥ હસી બોલોને ॥ આ સદ્ગુરૂ લાગુ પાય ॥ અંતર ખોલોને ॥ તુમ દર્શન વિના હું ભમ્યો ॥ હસી બોલોને ॥ હવે મહેર કરી મહારાય ॥ અંતર ખોલોને ॥ આવ્યાને

ઉવેખશો ॥ હસી બોલોને ॥ આતો કેમ રહેસે લાજ ॥ અંતર ખોલોને ॥

દેશી.

મોરલી તે ચાલી રંગ રૂશણેરે ॥ કોણ મનાવા જાય ॥ રંગ મોરલી ॥ જાસે રીખભદેવ એકલારે ॥ અજીતનાથના મીઠડાં બોલ ॥ રંગ મોરલી ॥ સં- ભવનાથની વાળી હુતો નહી વળુંરે ॥ હું તો મારે શિદ્ધાચળ જઈશ ॥ રંગ મોરલી ॥ મોરલી તે ચાલી રંગ રૂશણેરે ॥ કોણ મનાવા જાય ॥ રંગ મોરલી ॥

૫૬

રાગ કાફી.

મેરે દીલ પાસ વસ્યો ॥ જયું ચાતક જળધાર ॥ મેરે ॥ જયું રાજહંસ માનસ મંદીરમેં ॥ વશી રહ્યો માનસ સાર ॥ મેરે ॥ ૧ ॥ ગજમન રેવા મ- ધુપ જયું માલતી ॥ જયાં કોકીલ સહકાર ॥ મેરે ॥ ૨ ॥ કુમુદજયોં ચંદ ચંદનજયોં ભોગી ॥ જયોં અરવીંદ દીનકાર ॥ મેરે ॥ ॥ ગીરી તનયાંકો દીલ જયું શંકર । કમલાકે દીલ ગીરધાર ॥ મેરે ॥ ૪ ॥ ત્યું મેરે મન તુંહી તુંહી ॥ તુજ સમરણુ

કરૂં સાર ॥ મેરે ॥ ૫ ॥ જય જય જગત દીવાકર ઠાકોર ॥ ત્રીભુવન જન સહુકાર ॥ મેરે ॥ ૬ ॥ પાર્શ્વચીંતામણી ભાનકે સાહેબ ॥ સંઘ સકળ જયકાર ॥ મેરે ॥ ૭ ॥

સાખીઓ.

સરસ્વતિ સ્વામીને વીનવું ॥ જીનપદ લાગું પાય ॥ પાલીતાણાનો રાજીયો ને ॥ આદીનાથ કહેવાય ॥ અરજ સુણો એક માહરી ॥ માતા મરૂદેવીનાં જાયારે ॥ તમારી કંચન વરણી કાયારે ॥ તમારે ધોરી લંછન પાયારે ॥ તમે સર્વાર્થ સિદ્ધથી આવ્યારે ॥ ચૈત્ર વદી આઠમે જાયારે ॥ મારા બાલ તે પણાનાં બેલીરે ॥ પ્રભુ મોક્ષે ગયા મને મેલીરે ॥ પ્રભુને ભેટે તે ભવ દુઃખ જાયરે ॥ પ્રભુને સેવે તે સીવસુખ થાયેરે ॥ પ્રભુ એકવાર દર્શન દેજોરે ॥ પ્રભુ ખબર અમારી લેજોરે ॥ કોઇ સાથે સંદેશો કહેજોરે ॥ જીવન જાનછો, આતમારામ છો, પ્રભુ પ્રાણ છો ॥ એ આંકણી ॥ ૧ ॥ તારંગાના રાજીયો ॥ અજીતનાથ કહેવાય ॥ અરજ સુણો એક માહરી ॥ માતા વિજયા રાણીના જાયારે ॥ એ તો અપરાજીતથી આવ્યારે ॥ તેની કચન વરણી કા-

યારે ॥ એને હસ્તીલંછન પાયારે ॥ મારા બાલ- પણાના તે બેલીરે ॥ પ્રભુ ॥ ૨ ॥ સાવથ્થી નગરી- નો રાજીયો ॥ સંભવનાથ કહેવાય ॥ અ-જ સુણો એક માહરી ॥ માતા સેનાદેવીના જાયારે ॥ તમા- રી કંચનવરણી કાયારે ॥ તમારે અશ્વ લંછન પા- યારે ॥ મારા બાલ ॥ પભુ ॥ ૩ ॥ અયોધ્યા નગ- રીનો રાજીયો ॥ અભિનંદન કહેવાય ॥ અરજ સુણો એક માહરી ॥ માતા સિધારથ દેવીના જા- યારે ॥ તમારી કંચનવરણી કાયારે ॥ તમારે કપી લંછન પાયારે ॥ મારા બાલ ॥ પ્રભુ ॥ ૪ ॥ કોશ- લ્લા નગરીનો રાજીયો ॥ સુમતીનાથ કહેવાય ॥ અરજ સુણો એક માહરી ॥ માતા મંગળાદેવીના જાયારે ॥ તમારી કંચનવરણી કાયારે ॥ તમારે ક્રૌંચલંછન પાયારે ॥ મારા ॥ પ્રભુ ॥ ૫ ॥ કોસંબી નગરીનો રાજીયો ॥ પદ્મ પ્રભુ કહેવાય ॥ અરજ સુણો એક માહરી ॥ માતા સુસીમાદેવીના જાયા- રે ॥ તમારી કસુંબાવરણી કાયારે ॥ તમારે કમ- ળનું લંછન પાયારે ॥ મારા ॥ પ્રભુ ॥ ૬ ॥ વણા- રશી નગરીનો રાજીયો ॥ સુપાર્શ્વનાથ કહેવાય ॥ અરજ સુણો એક માહરી । માતા પૃથ્વીદેવીના જાયારે ॥ તમારી કંચનવરણી કાયારે ॥ તમારે

સ્વસ્તીક લંછન પાયારે ॥ મારા ॥ પ્રભુ ॥ ૭ ॥ ચંદ્રપુરીનો રાજીયો ॥ ચંદ્રપ્રભુ કહેવાય ॥ અરજ સુણો એક માહરી ॥ માતા લખમણા દેવીના જાયા રે ॥ તમારી ઉજ્વલ વરણી કાયા રે ॥ તમારે ચંદ્રલંછન છે પાયારે ॥ મારા ॥ પ્રભુ ॥ ॥૮॥ કાકંદી નગરીનો રાજીયો ॥ સુવિધિનાથ કહે- વાય ॥ અરજ સુણો એક માહરી ॥ માતા રામા દેવીના જાયારે ॥ તમારી શફેદવરણી કાયા રે ॥ તમારે મગરલંછન પાયારે ॥ મારા ॥ પ્રભુ ॥ ૯ ॥ ભદ્દીલપુરનો રાજીયો ॥ શીતળનાથ કહેવાય ॥ અરજ સુણો એક માહરી ॥ માતા નંદાદેવીના જા- યારે ॥ તમારી કંચનવરણી કાયારે ॥ તમારે શ્રી વચ્છલંછન પાયારે ॥ મારા ॥ પ્રભુ ॥ ૧૦ ॥ સિંહ- પુરીનો રાજીયો ॥ શ્રી શ્રેયાંશનાથ કહેવાય ॥ અ- રજ સુણો એક માહરી ॥ માતા વીષ્ણુદેવીના જા- યારે ॥ તમારી કંચનવરણી કાયારે ॥ તમારે ખ- ડગી લંછન પાયારે ॥ મારા ॥ પ્રભુ ॥ ૧૧ ॥ ચં- પાપુરીનો રાજીયો ॥ વાસુપૂજય કહેવાય ॥ અરજ સુણો એક માહરી ॥ માતા જયાદેવીનાં જાયારે ॥ તમારી રક્તવરણી છે કાયારે ॥ તમારે મહીષલંછન

પાયારે ॥ મારા ॥ પ્રભુ ॥ ૧૨ ॥ કંપીલપુરનો રા-જીયો ॥ વીમલનાથ કહેવાય ॥ અરજ સુણો એક માહરી ॥ માતા શ્યામાદેવીનાં જાયા રે ॥ તમારી કંચનવરણી કાયારે ॥ તમારે વરાહલંછન પાયારે ॥ મારા ॥ પ્રભુ ॥ ૧૩ ॥ અયોધ્યા નગરીનો રાજીયો ॥ અનંતનાથ કહેવાય ॥ અરજ સુણો એક માહ-રી ॥ માતા સુજસાદેવીના જાયારે ॥ તમારી કચન વરણી કાયારે ॥ તમારે સિંચાણાલંછન પાયારે ॥ મારા ॥ પ્રભુ ॥ ૧૪ ॥ રત્નપુરીનો રાજીયો ॥ ધ-ર્મનાથ કહેવાય ॥ અરજ સુણો એક માહરી ॥ માતા સુવ્રતાદેવીનાં જાયારે ॥ તમારી કંચનવરણી કાયારે ॥ તમારે વજ્રલંછન પાયારે ॥ મારા ॥ પ્રભુ ॥ ૧૫ ॥ હસ્તીનાપુરનો રાજીયો ॥ શાંન્તી-નાથ કહેવાય ॥ અરજ સુણો એક માહરી ॥ માતા અચિરાદેવીનાં જાયારે ॥ તમારી કંચનવરણી કાયારે ॥ તમારે મૃગલંછન છે પાયારે ॥ મારા ॥ પ્રભુ ॥ ૧૬ ॥ ગજપુરીનો રાજીયો ॥ કુંથુનાથ કહેવાય ॥ અરજ સુણો એક માહરી ॥ માતા સીરીદેવીનાં જા-યારે ॥ તમારી કંચનવરણી કાયારે ॥ તમારે છાગ લંછન પાયારે ॥ મારા ॥ પ્રભુ ॥ ૧૭ ॥ નાગપુરીનો

ગજીયો ॥ શ્રી અરનાથ કહેવાય ॥ અરજ સુણો એક માહરી ॥ એતો દેવીમાતાનાં જાયારે ॥ તમારી કંચનવરણી કાયારે ॥ તમારે નંદાવૃતલંછન પાયારે ॥ મારા ॥ પ્રભુ ॥ ૧૮ ॥ મિથુલાનગરીનો રાજીયો ॥ મલ્લીનાથ કહેવાય ॥ અરજ સુણો એક માહરી ॥ માતા પ્રભાવતીનાં જાયારે ॥ તમારી લીલાવરણી કાયારે ॥ તમારે કચ્છપલંછન પાયારે ॥ મારા ॥ પ્રભુ ॥ ૧૯ ॥ રાજગ્રહીનગરીનો રાજીયો ॥ મુનીસુવ્રત કહેવાય ॥ અરજ સુણો એક માહરી ॥ માતા પદમાદેવીનાં જાયારે ॥ તમારી શ્યામવરણી છે કાયારે ॥ તમારે કચ્છપલંછન પાયારે ॥ મારા ॥ પ્રભુ ॥ ૨૦ ॥ મિથિલાનગરીનો રાજીયો ॥ નમીનાથ કહેવાય ॥ અરજ સુણો એક માહરી ॥ માતા વપ્રારાણીના જાયારે ॥ તમારી કંચન વરણી કાયારે ॥ તમારે નિલકમળ છે પાયારે ॥ મારા ॥ પ્રભુ ॥ ૨૧ ॥ સૌરીપુરનો રાજીયો ॥ નેમીનાથ કહેવાય ॥ અરજ સુણો એક માહરી ॥ માતા સીવાદેવીનાં જાયારે ॥ તમારી શ્યામવરણી છે કાયારે તમે રાણી રાજુલનાં ભરથારરે ॥ એ તો બાળથકી બ્રહ્મચારીરે ॥ ધન્ય ધન્ય તમારો અવતારરે ॥

તમારે શંખલંછન છે પાયારે ॥ મારા બાળપણાના બેલીરે ॥ પ્રભુ ॥ ૨૨ ॥ વણારશી નગરીના રાજીયા ॥ પાર્શ્વનાથ કહેવાય ॥ અરજ સુણો એક માહરી ॥ માતા વામાદેવીના જાયારે ॥ તમારી લીલવરણી છે કાયારે ॥ તમારે નાગલંછન છે પાયારે ॥મારા॥ ॥ પ્રભુ૦ ॥ ૨૩ ॥ ક્ષત્રી કુંડને રાજીયા ॥ મહાવીરસ્વામી કહેવાય ॥ અરજ સુણો એક માહરી ॥ માતા ત્રીશલા દેવીનાં જાયારે ॥ તમારી કંચનવરણી છે કાયારે ॥ તમારે સીંહ લંછન છે પાયારે ॥ અંગુઠે મેરૂ પર્વત ચળાવ્યો રે ॥ મારા બાલપણાના બેલીરે ॥ પ્રભુ૦ ॥ ૨૪ ॥ મહા વિદેહ ક્ષેત્રના રાજીયા ॥ શ્રી સીમંધરસ્વામી કહેવાય ॥ અરજ સુણો એક માહરી ॥ માતા સત્યકી દેવીનાં જાયારે ॥ તમારી કંચન વરણી કાયારે ॥ તમારે ધોરી લંછન પાયારે ॥ ચોસઠ ઈંદ્ર પધારેરે ॥ તમારી દેશના સુણી સુખ પામેરે ॥મારા॥પ્રભુ૦॥ ૨૫॥

સમાપ્ત.

જાહેર ખબર.

નિચે લખેલ ચોપડીઓ અમારી પાસેથી
રોકડી કિંમતે મળશે.

પરદેશવાળાને ટપાલ ખર્ચ જુદુ પડશે.

શ્રીમાન્ જંબુગુરૂ વિરચિત જિનશતક....	૦-૧૨
જૈન પ્રાચીન સ્તવનાદિ સંગ્રહ	૦—૬—
શ્રી દંડકાદિદ્વાર સંગ્રહ....	૦—૫-૦
શ્રી જૈન ગાયન રસીક રાગ સંગ્રહ	૦—૨-૬

મળવાનું ઠેકાણું:—

શ્રી જૈન શ્રાવિકા શાળા.
ઠે. ખારવાડો-ખંભાત.

માસ્તર જગજીવન પાનાચંદ
ઠે. હાજાપટેલની પોળમાં પીંપરડીની
અમદાવાદ.